સૌથી મહાન કોણ ?

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક સુંદર, પ્રચલિત અને સમજવા જેવી કટાક્ષકથા છે. એક વડીલ રેલવે સ્ટેશન ઉપર ટ્રેનની રાહ જોતાં બેઠા હતા. સમયનો સદુપયોગ કરવા તેઓ રામાયણનો ગ્રંથ વાંચતાં હતા. ત્યાં એક જુવાનિયો આવ્યો. નવપરિણીત પત્ની સાથે તે પણ આ જ ટ્રેનમાં નીકળવાનો હતો. કાકાને જોઈને તે યુવાનીના તોરમાં જ બોલ્યોઃ 'શું કાકા તમે પણ? જમાના સાથે થોડા 'અપડેટ' થાઓ... રામાયણમાં શું વાંચવાનું?' એમ છણકો કરીને બાજુમાં બેઠો. એટલામાં ટ્રેન આવી અને ભારે ભીડ થઈ ગઈ. તેમાં હજુ તો બધા ચઢે ન ચઢે એટલામાં તો ટ્રેન ઊપડી. ગીરદીમાં ફરી તે કાકા અને યુવાન ભેગા થઈ ગયા. પણ આ વખતે યુવાન ટેન્શનમાં હતો, કારણ કે ભારે ભીડમાં એ તો ચઢી ગયો પણ એની પત્ની રહી ગયેલી! કાકા પળવારમાં સઘળું સમજી ગયા; ધીરેથી બોલ્યાઃ 'ભઈલા! રામાયણ વાંચ્યું હોત તો તને ખબર હોત કે પુષ્પક વિમાનમાં ચઢતી વેળાએ રામજીએ સીતાજીને પહેલાં ચઢાવ્યાં હતાં અને પછી પોતે ચઢ્યા હતા!' યુવાન બિચારો શું બોલે?

પ્રસંગ નાનો છે, પણ રામાયણમાંથી મળતો આ બહુ મોટો બોધપાઠ છે. માત્ર ભગવાન શ્રીરામ જ નહીં, પરંતુ દરેક મહાન પુરુષોના જીવનમાં પણ આ એક વાત સ્પષ્ટપણે જોવા મળે છે કે તેઓ હંમેશાં બીજાનો વિચાર કરે છે.

એક વખત ચીનના સમ્રાટે મહાત્મા કન્ફ્યુશિયસને પૂછ્યું, 'સૌથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહેઃ 'આપ, કારણ કે આપને સત્ય જાણવાની જિજ્ઞાસા છે.' ત્યારે સમ્રાટે બીજો પ્રશ્ન પૂછ્યોઃ 'મારાથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહે, 'હું, કારણ કે હું સત્યને ચાહું છું.' સમ્રાટે આગળ પૂછ્યું કે, 'તમારાથી મહાન કોણ?' ત્યારે કન્ફ્યુશિયસે દૂર એક જગ્યાએ કૂવો ખોદી રહેલી એક વૃદ્ધા તરફ ઈશારો કરીને કહ્યું કે, 'તે વૃદ્ધા મહાન છે, કારણ કે જે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે નહીં, પરંતુ અન્ય લોકોના લાભ ખાતર પરિશ્રમ કરે છે, તે બધા કરતાં શ્રેષ્ઠ છે.'

એક વખત ચીનના સમ્રાટે મહાત્મા કન્ફ્યુશિયસને પૂછ્યું, 'સૌથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહેઃ 'આપ, કારણ કે આપને સત્ય જાણવાની જિજ્ઞાસા છે.' ત્યારે સમ્રાટે બીજો પ્રશ્ન પૂછ્યોઃ 'મારાથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહે, 'હું, કારણ કે હું સત્યને ચાહું છું.' સમ્રાટે આગળ પૂછ્યું કે, 'તમારાથી મહાન કોણ?'

પ્રમુખસ્વામી મહારાજ ચાલુ શો યાત્રામાં

૧૯૭૧માં ઉનાળાના એક બપોરે નડિયાદમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. તેઓ રથમાં બિરાજ્યા હતા. તડકાને કારણે સડકો તપી રહી હતી. કેટલાક સંતો નગરયાત્રામાં પગપાળા પણ જોડાયેલા. એમાં એક સંત પાસે પગરખાં નહોતાં, તેથી ખુલ્લાપગે દાઝતાં-દાઝતાં તેઓ ચાલી રહેલા. અચાનક તેમના નામની બૂમ પડી. તેઓએ પાછળ વળીને જોયું તો એમના માટે પોતાની મોજડી તે સંત તરફ ફેંકીને કહી રહ્યા હતા કે, 'પહેરી લો! ઉઘાડાપગે ન રહેવું. પગ દાઝે અને આંખોનું તેજ પણ ઘટી જાય.' તેમણે મોજડી પહેરી લીધી. બે-ચાર મિનિટ પછી અણસાર આવ્યો કે આ તો સ્વામીશ્રીએ પોતાની મોજડી આપી છે તેથી તરત કાઢી નાંખી. સ્વામીશ્રી ફરી કહેઃ 'પહેરી લો! એ કંઈ હાથમાં ઝાલવા થોડી આપી છે?'

માત્ર 'હું' જ નહીં, પરંતુ જ્યારે 'હું'ની સાથે આસપાસની વ્યક્તિઓનો વિચાર કરવામાં આવે ત્યારે જીવન ખરેખર મહાન બનતું હોય છે. 'હું' જ સાચું પૂછો તો અનેક સમસ્યાઓનો કર્તા હોય છે. તમારી અંદર 'હું' આવે એટલે તમે સ્વાર્થિ બની જાવ છો. એ પછી તમારી અંદર દયા કે લાગણીનો ભાવ ધીરે ધીરે ઓછો થવા લાગે છે. ઘણીવાર આ 'હું' તમને એટલો નડી જાય છે કે એ સંબંધોને પણ બગાડી નાખે છે, માટે આ 'હું'ને બને ત્યાંસુધી તમારાથી દૂર જ રાખવો.

આપણે થોડો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે આપણે આખો દિવસ આપણા જ વિચારો કરતા હોઈએ છીએ, પરંતુ ભગવાન શ્રીરામ કે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષો આપણને શીખવે છે કે પહેલાં બીજાનો વિચાર કરવો. પોતાનો વિચાર તો જીવ-પ્રાણી માત્ર કરે છે, પરંતુ જે બીજાનો વિચાર કરે છે તે જ મહાન છે. આપણે કારણે કોઈ બીજાને તકલીફ પડે એવું આપણે શું કામ થવા દેવું? આપણા અસ્તિત્વમાં આપણા સિવાય આપણી આસપાસના લોકોનો પણ ફાળો છે. માટે ચાલો, પ્રમુખસ્વામી મહારાજ જન્મ શતાબ્દી પર્વે આપણે પણ મહાપુરુષોની જેમ છેક પશુ-પંખીઓનો વિચાર ન કરી શકીએ તો કાંઈ નહીં, પણ ઓછામાં ઓછું આપણને સાથ આપનારાં આપણાં સ્વજનોનો વિચાર કરીએ અને સૌની સાથે નિઃસ્વાર્થ લાગણીઓથી જોડાઈને જીવન મંગલ કરીએ...

sanskar@sandesh.com

સજ્જનતાનો સૂર્યોદય

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

સામાન્ય રીતે મોટા ભાગના લોકો પોતામાં 'સજ્જનતા' પ્રગટાવવાનો સુપ્રયત્ન કરતા રહેતા હોય છે; તેને પામવા માટે વિવિધ પ્રેરણાસ્રોતનો આશરો લેતા હોય છે. પણ આ સજ્જનતા, જ્યાંથી આવી છે, એવા ભગવાન અને ભગવાનના ધારક સંત જ્યારે આ પૃથ્વી ઉપર આપણા જેવા માનવ થઈને પધારે છે ત્યારે તેઓનું વર્તન જ આપણને એ સજ્જનતા શીખવી જતું હોય છે.

ભગવાન શ્રીરામ વનયાત્રા દરમ્યાન ગંગાકિનારે નિષાદરાજ 'ગુહ'ને મળ્યા. ગુહે ફળ, ફૂલ, કંદની ભેટ ધરી ભગવાનને દંડવત્ પ્રણામ કર્યા. તેના પ્રેમને નીરખતાં ભગવાને ગુહને પોતાની પાસે બેસાડી તેના ક્ષેમકુશળ પૂછ્યા. ત્યારબાદ ગુહે જ્યારે પોતાના નગરમાં પધારીને સેવાનો લાભ આપવા ભગવાન શ્રીરામને વિનંતી કરી ત્યારે પ્રભુ શ્રીરામે પ્રેમસભર પ્રત્યુત્તર આપ્યો: 'મિત્ર! તારો પ્રેમ અદ્ભુત છે. પણ પિતાની આજ્ઞાથી મારે હમણાં વનમાં જ નિવાસ કરવાનો હોવાથી, તારા નગરમાં નહીં આવી શકું.'

ભગવાન શ્રીરામે વનવાસી ગુહને પોતાના મિત્ર કહ્યા! પોતાની નજીક બેસાડ્યા! આ જોઈ સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિવેચકો કહે છે કે રામરાજ્યનો પ્રારંભ અહીંથી જ થઈ ગયો હતો; જ્યાં રાજા અને પ્રજા પરસ્પરના મિત્ર બની રહે. જ્યાં રાજા નાની વ્યક્તિને પણ પોતાની સમીપે બેસાડે, તેના ખબરઅંતર પૂછે અને તેને પ્રેમ કરે તે જ રામરાજ્ય.

ભગવાનને મન કોઈ નાનું નથી અને કોઈ મોટું નથી. સૌને તેઓ સમાનભાવે પ્રેમ આપે છે. એ જ રીતે ભગવાનના ધારક સંતની પણ આ જ પ્રકૃતિ હોય છે.

તારીખ ૩૧-૩-૨૦૦૧ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ મોડાસા ગામે બિરાજમાન હતા. તેઓના સાંનિધ્યમાં જાહેર સત્સંગસભા યોજાયેલી. આ પ્રસંગે પોશીના વિસ્તારમાં રહેતા આદિવાસી ભક્તો પણ પ્રમુખસ્વામી મહારાજનો લાભ લેવા આવેલા. તે જોઈ પ્રમુખસ્વામી મહારાજને તેઓને મળવાની ઈચ્છા થઈ આવી, પરંતુ પૂર્વ આયોજિત જાહેરસભા નિશ્ચિત હતી. વળી શહેરના શ્રેષ્ઠીઓ, મહાનુભાવો પણ આ સભામાં ઉપસ્થિત રહે તે સ્વાભાવિક હતું. પ્રમુખસ્વામી મહારાજને આ સભામાં હાજર રહેવું જ પડે તેમ હતું. તેમાં આદિવાસીઓ કઈ રીતે પ્રમુખસ્વામી મહારાજ સુધી પહોંચી શકે? પરંતુ જ્યાં પ્રેમ હોય ત્યાં માર્ગ મળી જ જાય. સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને કહ્યું, 'આદિવાસી ભાઈઓની અલગ સભા આપણા ઉતારાની સામે કરાવો. ત્યાં એક સંતને કથા કરવા મોકલો. આ સભા પછી હું ત્યાં આવું છું, કારણ કે મારે સૌ આદિવાસી ભાઈઓને ખાસ મળવું છે.'

> 'સજ્જનતા'નું પહેલું લક્ષણ એ જ કે તે વ્યક્તિમાં વિનમ્રતા જન્મે, તેને વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યે ઘૃણા તો લેશમાત્ર હોય જ નહીં, ભગવાન અને સંતના જીવનમાં રહેલી નમ્રતા અને સૌ પ્રત્યેના પ્રેમનું વલણ જો આપણા જીવનમાં વણાઈ જાય તો વગર પ્રયત્ને સજ્જનતા આપણામાં નિવાસ કરીને રહે!

જાહેરસભામાં શહેરવાસીઓને પ્રસન્ન કરી પ્રમુખસ્વામી મહારાજ તરત જ આદિવાસીઓની સભામાં પધાર્યા. આ સભામાં ધર્મ-નિયમસંબંધી બળપ્રેરક વાતોને અંતે તેઓશ્રીએ પોતાની ભાવના વ્યક્ત કરી: 'મારે ખાસ આપને મળવું હતું એટલે આ સભા ગોઠવી છે. મોટી (જાહેર) સભામાં તમને મળાય તેમ નહોતું. અહીં આપને નજીકથી મળાય, વાત થાય, કારણ હું તમારા ગામ સુધી આવી શકું તેમ નથી. પણ તમે આવ્યા છો તો સહેજે મળી શકાયને!? આદિવાસી એટલે 'આદિ' એવા ભગવાનની સમીપમાં જેનો વાસ છે એવા તમે આદિવાસી કહેવાઓ.' પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતની આ ભાવના સૌ વનવાસીઓનાં હૈયાંને હલાવી ગઈ, તે આદિવાસીઓની આંખે હર્ષાશ્રુઓનાં તોરણો બંધાઈ ગયાં.

એટલામાં તો પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા, 'હવે વારાફરતી નજીક મળવા આવો.' એટલું કહી સ્થાનિક સંતને કહ્યું, 'મને એક-એકનો પરિચય કરાવતા જજો.' એક પછી એક બસોથી વધુ આદિવાસીઓને વ્યક્તિગત મળીને પ્રમુખસ્વામી મહારાજે તેઓનો પરિચય મેળવ્યો, માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને સૌને પ્રસાદ પણ અપાવ્યો. આદિવાસી ભાઈઓ તેઓ સુધી પહોંચી શકે કે ન શકે, પણ પ્રમુખસ્વામી મહારાજ તે આદિવાસી ભાઈઓ સુધી પહોંચી ગયા!

'સજ્જનતા'નું પહેલું લક્ષણ એ જ કે તે વ્યક્તિમાં વિનમ્રતા જન્મે, તેને વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યે ઘૃણા તો લેશમાત્ર હોય જ નહીં, ઉપરથી તેને સૌમાં ભગવાનનાં દર્શન થતાં હોય. ભગવાન અને સંતના જીવનમાં રહેલી નમ્રતા અને સૌ પ્રત્યેના પ્રેમનું વલણ જો આપણા જીવનમાં વણાઈ જાય તો વગર પ્રયત્ને સજ્જનતા આપણામાં નિવાસ કરીને રહે! આપણા ઘરમાં, અડોશ-પડોશમાં, ઑફિસ-દુકાનમાં કે સમાજમાં... વ્યક્તિ ભલે પદ-હોદ્દાની દૃષ્ટિએ નાની હોય, પણ આપણા તરફથી તેને અપાયેલો આદર સામેની વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અને આપણામાં નમ્રતા-સજ્જનતાનો અનેક ગણો ગુણાકાર કરી આપે છે.

તો ચાલો, આપણે પણ સૌનો આદર કરીને સૌમાં ભગવાનનાં દર્શન કરીએ તથા ભગવાન અને સંતના માર્ગે ચાલી, સ્વયંમાં 'સજ્જનતા'નો સૂર્યોદય પ્રગટાવીએ.

sanskar@sandesh.com

શિરમોડ સહનશીલતા

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અમદાવાદનો એક સામાન્ય પરિવાર. પતિ-પત્ની, એક દીકરો અને બે દીકરીઓ. આર્થિક વ્યવહાર સાવ નબળો. બે દીકરીઓ પિતા સાથે એક વાર મેળામાં ગઈ. કિચેઈનની દુકાન પાસે બંને બહેનો અટકી. ૧૫૦ રૂપિયાનું કિચેઈન નામ લખાવીને લેવાની ઈચ્છા થઈ. બાપુજીએ કહ્યું, 'તમારો ભાઈ બીમાર છે. હૉસ્પિટલમાં છે. આપણી સ્થિતિ સામાન્ય છે. અત્યારે આ ખર્ચો પોસાય નહીં.' બંને બહેનો ઘરે આવી. પિતા દવાખાને દીકરાની ખબર જોવા ગયા. બંને બહેનોએ સૂટકેસમાં કપડાં ભરી ઘર છોડ્યું. એક ચિઠ્ઠી લખતા ગયા કે, 'અમારી ઈચ્છા પ્રમાણે આટલો પણ અધિકાર નહીં?'

એક પરિવારમાં દીકરાએ સાઈકલ લાવી આપવાની જીદ કરી. પિતાનો પગાર ટાંચો. દીકરાને સમજાવવા પ્રયત્ન થયો પણ વ્યર્થ. સૌની ગેરહાજરીમાં દીકરાએ શરીર ઉપર કેરોસીન છાંટી આપઘાતનો પ્રયત્ન કર્યો. ૨૦૦૧, નેપાલનો રાજકુમાર દીપેન્દ્ર. મનપસંદ કન્યા સાથે લગ્ન કરવાની હઠ લીધી. રાજમાતાની સખત નામંજૂરી હતી. દીપેન્દ્રના પ્રસ્તાવ ઉપર ઝઘડો થયો. દીપેન્દ્રએ સિક્યોરિટી ગાર્ડની સબમશીનગન લઈ માતા-પિતા, ભાઈઓ સહિત આઠની હત્યા કરી. પોતે પણ લમણામાં ગોળી મારી અને છેલ્લો શ્વાસ લીધો.

ઉપરોક્ત પ્રસંગોમાં પ્રશ્નોનું કારણ સામાન્ય છે, પણ પરિણામ અસામાન્ય છે, ગંભીર છે.

સામાન્ય 'કિચેઈન' જેવી બાબતમાં ઘરનો ત્યાગ!

૨૦૦૦ રૂપિયાની 'સાઈકલ' માટે અમૂલ્ય માનવશરીર ઉપર અગ્નિસ્નાન!

એક મનપસંદ પાત્ર માટે માતા-પિતા સહિત આઠની હત્યા!

આવી જ કાંઈક નાની-મોટી ઘટના આપણા જીવનમાં પણ બની હશે કે બનતી રહેતી હશે અને આવા સમયે ક્યારેક આપણા વિચાર વંટોળે ઉપરોક્ત અંજામ સુધી વળાંક લેવાનો પ્રયત્ન પણ કર્યો હશે.

પણ, જરા અટકીએ, વિચારીએ. જીવનની આવી સંવેદનશીલ પળોમાં લીધેલા આવા ઘાતક નિર્ણયોથી આપણે પ્રશ્ન ઉકેલતા નથી, પરંતુ વધારે ઉશ્કેરીએ છીએ. જરૂર છે એક સ્થિર ઉપાયની અને એ છે 'સહનશીલતા.' જેની આજે અછત ઊભી થઈ છે.

અમદાવાદની ફેમિલી કોર્ટના પૂર્વ ન્યાયાધીશ બી.ડી. સોની સાહેબ ૨૫થી વધુ વર્ષનું તારણ જણાવતાં કહે છે કે, 'પરિવારમાં ઊભી થયેલી તિરાડો અને પરિવારોના વિખૂટા પડવાનું કારણ છે સહનશક્તિ અને સમજશક્તિનો અભાવ.'

સદીના સૌથી નામાંકિત વ્યક્તિઓમાંના એક એવા જર્મન વૈજ્ઞાનિક, નોબેલ પ્રાઈઝ વિજેતા આલ્બર્ટ આઈન્સ્ટાઈન જણાવે છે કે, 'Tolerance is the only real test of civilization.' અર્થાત્ 'સહનશીલતા એ સંસ્કારિતાની, સભ્યતાની સાચી પારાશીશી છે.'

વ્યક્તિના પોતાના શારીરિક, આર્થિક, પારિવારિક કે સામાજિક પ્રશ્નોમાં તેણે કેળવેલી સહનશક્તિથી તેના સંસ્કાર અને સજ્જનતાની કિંમત અંકાય છે. સામાન્ય રીતે માણસો સહન તો કરે છે પણ તે ગરજ, લાચારી કે મજબૂરીથી!

વ્યક્તિના પોતાના શારીરિક, આર્થિક, પારિવારિક કે સામાજિક પ્રશ્નોમાં તેણે કેળવેલી સહનશક્તિથી તેના સંસ્કાર અને સજ્જનતાની કિંમત અંકાય છે. સામાન્ય રીતે માણસો સહન તો કરે છે પણ તે ગરજ, લાચારી કે મજબૂરીથી. ક્યારેક વ્યક્તિગત સ્વાર્થ માટે. પરંતુ મહાન પુરુષો એક ચોક્કસ સમજણ સાથે સહન કરતા હોય છે, તેથી તેઓ સહનશીલતામાં શિરમોડ સ્થાને બેઠા હોય છે.

બોક્સિંગની રમતના જાણકારો કહે છે કે, 'આ રમતમાં તમારા મુક્કામાં કેટલું જોર છે તે કરતાં તમે કેટલા મુક્કા સતત સહન કરીને રમતમાં ઝઝૂમો છો તે વધારે અગત્યનું છે.'

મુશ્કેલીઓ-મુસીબતોના મુક્કા સામે સમજણ સાથેની સહનશીલતા જ આપણને લડતા-ઝઝૂમતા શીખવે છે, જે મહાન સંતોનાં જીવનમાં જોવા મળે છે.

પોતાના જીવનનાં ૯૧ વર્ષો જેમણે ટાઢ-તડકો, ભૂખ-તરસ, સગવડ-અગવડના વિચાર વિના સમાજના નૈતિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે અવિરત વિચરણ પાછળ ગાળ્યાં, તેવા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને એક વાર ખભો સખત દુખતો હતો. સંતોએ પૂછ્યું કે, 'આ સહન કઈ રીતે થાય છે?' ત્યારે તેઓની શિરમોડ સહનશીલતા પાછળની ઊંચી સમજણનો સૌને પરિચય થયો. તેઓએ જણાવ્યું કે, 'રડવાથી દુઃખ ઓછું ન થાય. બીજાને કહેતાં ફરીએ એમાં બમણું થાય. પોતાને તો દુઃખ હોય, પણ સાંભળનારને પણ દુઃખ થાય. માટે શાંતિથી સહન કરવું. બોલ બોલ કરવાથી દુઃખ વધે. અવસ્થા થઈ એટલે આવું રહેવાનું જ. ભગવાનની ઈચ્છા સમજીને રાજી રહેવાનું. આ સમજણ રાખીએ તો વાંધો આવે નહીં.'

સમજણ સાથે સહન કરવું તે આધ્યાત્મિક ગુણ છે અને એટલે જ તે 'શિરમોડ સહનશીલતા' કહેવાય છે. આવો, પ્રમુખસ્વામીના પગલે આપણે પણ સમજણ સાથેની શિરમોડ સહનશીલતા હસ્તગત કરીએ. શાંતિનો અનુભવ કરીએ.

sanskar@sandesh.com

ત્યાગે સો આગે

મા ણસ નિરંતર પરિવર્તન ઝંખે છે. એકની એક વસ્તુથી એ થોડી વારમાં કંટાળી જાય છે. આ જ દર્શાવે છે કે પદાર્થો કે ભૌતિક વિષયોમાંથી માત્ર ક્ષણિક અને આભાસી સુખ મળે, પરંતુ ક્યારેય તૃપ્તિ ન મળે.

સુખી થવા માટે આશ્ચર્યકારી મોટરો બનાવી પણ આજે ઘણા લોકો મોટરોથી કંટાળી ગયા છે અને તેઓ મોંઘીદાટ મોટરો મૂકી, ડૉલર અને પાઉન્ડ ચૂકવી ગધેડા પર સવારી કરે છે.

માણસે સુખી થવા માટે ભવ્ય બંગલાઓ બનાવ્યા પણ આજે ઘણા લોકો પોતાના બંગલાઓ છોડી ઝૂંપડામાં રહેવા જાય છે.

માણસે અંદરના ખાલીપાને દૂર કરવા માટે ખિસ્સાંઓ ખાલી કરી નાંખ્યાં. પણ ખાલીપો તો માણસના ખિસ્સામાં જ રહ્યો, છતાંય 'હું આનંદમાં છું' એવું બતાવવા માટે હજુ પણ નવાં ને નવાં મનોરંજનો શોધતો જ જાય છે કે કાંઈક એવું હાથમાં આવી જાય કે મારો ખાલીપો દૂર થઈ જાય.

માણસે સ્વતંત્રતા પામવા અત્યાધુનિક સાધનો વિકસાવ્યાં. પણ પોતે જ બનાવેલાં સાધનોનો પોતે જ ગુલામ બની ગયો. નથી ચાલતું આ સાધનો વિના.

પરંતુ પ્રશ્ન એ છે કે 'શું રેતી પીલવાથી તેલ મળે?' ના. તો દુનિયાએ અત્યાર સુધી શું કર્યું? તો રેતી પીલીને તેલ મળે તેની અપેક્ષા રાખી. તેમ જેમાં સુખ જ નથી તેની પાછળ આંધળાની જેમ દોટ મૂકી પછી ક્યાંથી સુખ પામે ? જેમ જેમ વિષયો ભોગવીશું તેમ તેમ તૃષ્ણા વધવાની છે. માટે વિચાર કરીને વિવિધ ભોગમાંથી પાછા વળવું જરૂરી છે. સંસ્કૃતમાં ઉક્તિ છે કે 'ભોગે રોગ-ભયં' અર્થાત્ વિષયોના ઉપભોગથી વિવિધ રોગોના શિકાર થવાશે, બાકી સુખ તો નહીં જ મળે.

મહાન સંત તિરુવલ્લુવરે કહ્યું છે 'ઈચ્છા ક્યારેય તૃપ્ત થતી નથી, પરંતુ મનુષ્ય એનો ત્યાગ કરે તો તે સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે.'

માણસે અંદરના ખાલીપાને દૂર કરવા માટે ખિસ્સાંઓ ખાલી કરી નાંખ્યાં. પણ ખાલીપો તો માણસના ખિસ્સામાં જ રહ્યો, છતાંય 'હું આનંદમાં છું' એવું બતાવવા માટે હજુ પણ નવાં ને નવાં મનોરંજનો શોધતો જ જાય છે કે કાંઈક એવું હાથમાં આવી જાય કે મારો ખાલીપો દૂર થઈ જાય

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અનાથાશ્રમમાં રહેતો એક ગરીબ બાળક થૉમસ મોનાહન. ૧૯૬૦માં તેમણે પ્રથમ 'પીઝા હટ' બનાવ્યું. માત્ર ૨૯ વર્ષમાં તે ૫૦૦૦ આઉટલેટનો માલિક બની ગયો. ૨૫૦ મિલિયન ડૉલરનું ટર્નઓવર હતું. અનેક સુવિધાઓ વચ્ચે જાહોજલાલીપૂર્ણ જીવન જીવતો હતો. ૨ કરોડ રૂપિયાની તો એ ઘડિયાળ પહેરતો હતો, પરંતુ જ્યારે આ બધામાંથી સુખ ન મળ્યું ત્યારે એણે કહેલું, 'આ બધાં સુખોની પાછળ શું ફાયદો થયો? ખાલી ફાંફાં જ માર્યાંને!' છેવટે તે પાછો વળ્યો અને સાદાં કપડાંમાં ને સાધારણ ઘરમાં રહેવા લાગ્યો.

ભારતના ઋષિમુનિઓ હજારો વર્ષોથી આ વાત જાણતા હતા. આથી જ ભારતની ભૂમિ ત્યાગની ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. આપણા ઈતિહાસમાં હજારો ને લાખો લોકોએ લૌકિક સુખની લાલસાનો ત્યાગ કર્યો છે. આપણાં શાસ્ત્રો સમજાવે છે કે 'આપણે આત્મા છીએ.' અને આત્માનો ખોરાક પંચવિષયનાં સુખો નથી. આત્માનો ખોરાક ભગવાન છે. જ્યારે જીવ ભગવાન બાજુ ઢળે ત્યારે જ સાચું સુખ પામી શકે છે, પરંતુ પરમાત્મા પંચવિષયના સુખના ત્યાગ વિના નથી મળતા.

આપણે ખૂબ જ ભાગ્યશાળી છીએ કે આપણો એ ધરા પર જન્મ થયો જ્યાં આપણે ભૌતિક સુખને લાત મારીને ભગવાનના સુખમાં રમમાણ સંતો-ભક્તોને આપણે જોયા છે અથવા તો સાંભળ્યા છે. મીરાબાઈ, નરસિંહ મહેતા, ગોપીચંદ, ભર્તૃહરિ, તુલસીદાસ, રામકૃષ્ણ પરમહંસ જેવા તો કેટકેટલાય સંતો-મહંતોથી આપણો ઈતિહાસ છલકાય છે. વર્તમાન સમયે પણ આવા અનેક મહાન સંતો હયાત છે. એક ઉદાહરણ છે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ. કેવળ બે જોડી કપડાં, ભોજન સાદું, કોઈ લૌકિક મનોરંજન નહીં, નિરંતર વિચરણ, રહેવા માટે કોઈ નિશ્ચિત સ્થાન નહીં છતાં મુખ પર અનેરી શાંતિ અને કાંતિ જોવા મળે.

આવા વિરલ સંતો આપણને સમજાવે છે કે બધું હડપી લેવામાં અને ભોગવી લેવામાં સુખ નથી, પરંતુ ત્યાગ, સંયમ અને ઈશ્વર આરાધનામાં જ સુખ છે. તો ચાલો આવા મહાપુરુષોમાંથી પ્રેરણા પામી આપણે પણ ત્યાગ, સંયમ અને હરિભક્તિના પ્રશસ્ત માર્ગે પ્રસ્થાન કરીએ.

sanskar@sandesh.com

વાંક કોનો ?

એક વિદ્યાર્થીએ પોતાની કારકિર્દી માટે માર્ગદર્શન આપનાર એક જુનિયર ઓફિસરને તે રિબિન ભેટ આપી. આ જુનિયર ઓફિસરે રિબિન પોતાના બોસને ભેટમાં આપી. આમ તો બોસ અતિ નિષ્ઠુર માણસ હતો. છતાં પોતાને મળેલી આ રિબિન તેણે પોતાના પુત્રને આપવાનો નિર્ણય કર્યો

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં એક શાળાની શિક્ષિકાએ તેના વર્ગમાં સમગ્ર વર્ષ દરમિયાન અસાધારણ કાર્ય કરવા બદલ કેટલાક વિદ્યાર્થીઓને એક રિબિન આપી. જેના પર લખ્યું હતું, 'અસાધારણ કાર્ય કરવા બદલ.' સાથે એક સંદેશો પણ આપ્યો કે, 'તમે આ રિબિન અન્ય ૩ વ્યક્તિને આપશો.' એક વિદ્યાર્થીએ પોતાની કારકિર્દી માટે માર્ગદર્શન આપનાર એક જુનિયર ઑફિસરને તે રિબિન ભેટ આપી. આ જુનિયર ઑફિસરે રિબિન પોતાના બૉસને ભેટમાં આપી. આમ તો બૉસ અતિ નિષ્ઠુર માણસ હતો. છતાં પોતાને મળેલી આ રિબિન તેણે પોતાના પુત્રને આપવાનો નિર્ણય કર્યો. ઘરે આવતાં જ તેણે તેના પુત્રને બોલાવીને કહ્યું કે, 'બેટા, મારો સ્વભાવ અત્યંત ક્રોધી છે, છતાં તમે લોકો મને સહન કરો છો, એ અસાધારણ કાર્ય છે' એમ કહી ગળગળા થઈ દીકરાને રિબિન આપી. ક્યારેય નહીં અને આજે પિતા તરફથી આવો પ્રેમ-આદર પામીને દીકરો રડી પડ્યો. પછી તેણે રુંધાયેલા કંઠે પિતાને કહ્યું કે, 'પપ્પા, તમારાથી કંટાળીને આજે હું આત્મહત્યા જ કરવાનો હતો... મેં ચિઠ્ઠી પણ તૈયાર કરી દીધી હતી. પણ આજે તમે મને પ્રેમથી બોલાવ્યો ત્યારે મને પહેલી વખત એવો અનુભવ થયો કે તમે મને પ્રેમ કરો છો.' પિતા પણ તે ચિઠ્ઠી વાંચી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યા.

અજાણતાં જ મંગાયેલી માફી દ્વારા પણ આવું ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત થયું. ખરેખર, પરિવાર હોય કે પરસ્પરના સંબંધો, આપણું રોજિંદું કાર્યક્ષેત્ર હોય કે પછી નોકરી-ધંધાના 'કૉર્પોરેટ' સંબંધો... પરંતુ, જ્યારે-જ્યારે નમી દેવામાં આવે છે, સામેવાળાને સમજીને પોતા તરફથી થયેલી અડચણોને સ્વીકારી લેવામાં આવે છે, ત્યારે જરૂર અકલ્પનીય પરિણામો મળે જ છે. માફી માંગવામાં આ શક્તિ રહેલી છે. માફી માંગવી એ નાનપની નિશાની નથી પણ મોટપની સંજ્ઞા છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૯૮૭ની સાલમાં સંતો-ભક્તોના સંઘ સાથે ઉત્તરાખંડની યાત્રાએ નીકળ્યા હતા. યાત્રાના દરેક વિશ્રામસ્થળે ઉતારાની, રહેવાની અને બીજી વ્યવસ્થાઓની ગોઠવણ મહિનાઓ પૂર્વે જ કરી લેવામાં આવી હતી. સંઘ મોટો હોવાથી સ્વાભાવિકપણે જ આ તીર્થસ્થાનોનાં મોટા ભાગનાં વિશ્રામસ્થળો આ સંઘ માટે આરક્ષિત થઈ ગયાં હતાં.

યાત્રા પૂર્ણ થયા બાદ લંડનનિવાસી એક અજાણ્યા ભાઈનો પત્ર આવ્યો, જેમાં તેઓએ એક સજ્જનને શોભે તેવો એક પણ શબ્દપ્રયોગ નહોતો કર્યો. આગોતરી વ્યવસ્થા કર્યા વિના યાત્રા કરનાર આ ભાઈએ સ્વામીશ્રી પર દોષનો ટોપલો ઢોળતાં લખ્યું હતું કે, 'તમે તમારા સંઘ સાથે યાત્રામાં નીકળ્યા તેમાં મને ખૂબ અગવડ પડી. તમારા કારણે મને ક્યાંય ઉતારો ન મળ્યો.' પત્ર વાંચી પ્રમુખસ્વામી મહારાજે તેમને નમ્રતાસભર ઉત્તર પાઠવ્યોઃ 'અમારો ઈરાદો તમને તકલીફ પહોંચાડવાનો નહોતો. આપનો કાર્યક્રમ અમારી સાથેસાથે ઘડાશે એ પણ અમને જાણ નહોતી. તમે અમને એ યાત્રા દરમિયાન મળ્યા હોત તો અમે તમને જરૂર કંઈક સગવડ કરી આપી હોત. અમારો આશય તમને અગવડ રૂપ થવાનો નહોતો. આમ છતાં તમને તકલીફ પડી તે બદલ અમે તમારી ક્ષમા માંગીએ છીએ.' આમ જોવા જઈએ તો વાંક કોનો હતો? આયોજન વગર નીકળી પડેલા તે લંડનવાસી મુરબ્બીનો કે પૂર્વાયોજિત યાત્રા કરવા નીકળેલા સ્વામીશ્રીનો? છતાં પ્રમુખસ્વામી મહારાજે માફી માંગી!

ઘણી વખત આપણે માફી માંગવામાં સરવાળા-બાદબાકી કરીએ છીએ. 'મારી ભૂલ નહોતી એની ભૂલ હતી.' 'મારો એકલાનો જ વાંક નહોતો એનો પણ હતો.' આવા-આવા શબ્દો દ્વારા આપણે સ્વબચાવનો પ્રયત્ન કરીએ છીએ. પણ એક વાસ્તવિકતા એ છે કે જ્યાં સુધી ભૂલનો સ્વીકાર કરવામાં નથી આવતો ત્યાં સુધી તેનો ભાર આપણાં મનમાં ઘોળાતો રહે છે. માફી માંગવાથી અરસપરસ બંને વ્યક્તિઓનાં મનમાં એકબીજા પ્રત્યેનો અણગમો, ઘૃણા અને પૂર્વગ્રહ ઘટતાં જાય છે; એકબીજાનાં હૃદય નજીક આવે છે. મનનો ભાર, તણાવ, હૃદયની બળતરા આદીમાંથી આપણે બહાર નીકળી જઈએ છીએ!

પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સત્પુરુષ પોતાનો વાંક ન હોવા છતાં પણ જો અજાણી વ્યક્તિની માફી માંગી શકતા હોય, તો વધુ નહીં તો કાંઈ નહીં... પણ એમના જીવનમાંથી પ્રેરણા પામીને આપણે જરૂર પડ્યે આપણાઓની, આપણા પરિવારજનોની માફી માંગતા તો શીખીએ...

sanskar@sandesh.com

રહેવાની ખરેખરી જગ્યા

આજકાલ આખા વિશ્વમાં જગ્યાની જ બોલબાલા છે. પૃથ્વીના ગોળાર્ધમાં વસતી પ્રત્યેક વ્યક્તિ જગ્યા જ શોધી રહી છે. કોઈકને થાય છે કે બસ, સારી જગ્યા મળી જાય તો બંગલો બાંધી દેવો છે! તો કોઈક વિચારે છે કે જો જગ્યા મળી જાય તો ખેતીનો વિસ્તાર કરીએ! જ્યારે અમુક લોકો તો પોતે જ્યાં નોકરી કરતા હોય, ત્યાં જગ્યા ખાલી થવાની રાહ જોતા હોય છે કે હવે 'ઉપરવાળા' જગ્યા ખાલી કરે તો આપણો પણ નંબર લાગે. અને મુસાફરીમાં દરમિયાન પણ બસ કે ટ્રેનમાં ઊભા ઊભા પણ એમ વિચાર આવ્યા કરે કે સારી જગ્યા મળી જાય તો શાંતિથી પહોંચી જઈએ. ઘણા તો જગ્યા ન મળે ત્યારે ધક્કો મારીને પણ જગ્યા કરી લેતા હોય છે.

આમ, આજે પ્રત્યેક વ્યક્તિ જગ્યા જ શોધે છે. ઘર, ખેતર, બંગલો, બસ, ટ્રેન... અરે! કેટકેટલાં ઠેકાણે લોકો કેવળ જગ્યાઓ જ શોધતા ફરે છે. પણ આજે આપણે એક એવા મહાપુરુષના જીવનમાંથી 'જગ્યા' શોધવાનું શીખવાના છીએ, જેઓ ૯૫ વર્ષ સુધી આ ધરા પર રહ્યા અને જીવનભર દેશો, રાજ્યો, ગામો, ફળિયાઓ તથા ઘરો પરહિત કાજે ઘૂમતા રહ્યા, છતાં તેઓને રહેવા માટે કોઈ ચોક્કસ સરનામાવાળી 'જગ્યા' નહોતી ; ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે દેશ-વિદેશમાં જેમણે હજારો મંદિરો ઊભાં કર્યાં, સંસ્કાર કેન્દ્રો ઉદ્ઘાટિત કર્યાં, છતાં તેઓના નામે પોતાની માલિકીની એક ઇંચ જેટલી 'જગ્યા' પણ ન હતી!

હા, આવી કોઈ પણ પ્રકારની 'જગ્યા'માં રસ ન ધરાવનાર કે તે માટે પ્રયત્નમાત્ર પણ ન કરનાર એ ભગવત્સ્વરૂપ સંતવિભૂતિ હતા 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'! તેમના નામે ભલે આ દુનિયામાં કોઈ જગ્યા નહોતી, તેમ છતાં તેમની જગ્યા લાખો લોકોનાં હૃદયમાં હતી. તેઓનાં આ અચરજકારી બહુજનહૃદયનિવાસનું એકમાત્ર કારણ હતું : 'એક એવું શુદ્ધ હૃદય, જ્યાં આખું વિશ્વ આવીને રહી શકે.'

હા, આજે પ્રમુખસ્વામી મહારાજની જગ્યા સૌનાં હૃદયમાં છે, કારણ કે પ્રમુખસ્વામી મહારાજના હૃદયમાં સૌ માટે જગ્યા હતી! તેઓના મોઢે કોઈ માટે ક્યારેય 'ના' નીકળી જ નથી! તેઓની પાસે આવનાર કોઈ પણ માનવ તેમને મન તો ભગવાનનો દીકરો જ હતો.

એ હરોળમાં પાંચ-છ વર્ષનો એક આદિવાસી બાળક આવી ચઢ્યો અને કાલીઘેલી ભાષામાં સીધું જ પૂછી લીધું : 'તમે મારા ઘરે આવશો ?' બાળકની આ નાનકડી કંકોત્રીને સ્વામીશ્રીએ પણ પ્રેમથી સ્વીકારી કહ્યું : 'હા, આવીશું.'

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક વાર પ્રમુખસ્વામી મહારાજ સેલવાસ મુકામે વિચરણ માટે પધારેલા. ત્યાં યોજાયેલી આદિવાસીઓની જાહેરસભા બાદ, તેઓ સૌને વ્યક્તિગત રીતે મળી રહેલા. એ હરોળમાં પાંચ-છ વર્ષનો એક આદિવાસી બાળક આવી ચઢ્યો અને કાલીઘેલી ભાષામાં સીધું જ પૂછી લીધું : 'તમે મારા ઘરે આવશો?' બાળકની આ નાનકડી કંકોત્રીને સ્વામીશ્રીએ પણ પ્રેમથી સ્વીકારી કહ્યું : 'હા, આવીશું.' પરંતુ વાર્તાલાપ સાંભળી રહેલા વ્યવસ્થાપકે સ્વામીશ્રીને જણાવ્યું કે 'સ્વામી! આના ઘર સુધી તો પહોંચાય એવા રસ્તા જ નથી. બહુ અગવડ પડશે. કોઈ હિસાબે ગાડી એના ઘર સુધી પહોંચી શકે તેમ નથી.' તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું, 'ના, તો પણ આપણે તો જવું જ છે.' અને આખરે એ આદિવાસી બાળકના અંતરિયાળ ગામડાંમાં ગાડા દ્વારા, પગપાળા ચાલીને, નદી ઓળંગીને પણ સ્વામીશ્રી પહોંચી ગયા! પોતા માટે આટલું ઘસાઈ છૂટનાર સ્વામીશ્રી, પછી એ બાળકના દિલમાં વસ્યા વગર કેમ રહે?

સન ૨૦૦૪ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ ગાંધીનગરમાં તત્કાલીન અમેરિકન પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટનને મળ્યા હતા. આટલી મોટી, મહત્ત્વપૂર્ણ મુલાકાત પૂરી કરી, તેઓ પોતાના કક્ષ તરફ જઈ રહ્યા હતા, તે સમયે ભુજના કોઈક નાનકડા ગામના ચાર સદ્ભાવી મુમુક્ષુઓ દેખાયા. તેઓની ચિંતા કરતાં સ્વામીશ્રી તરત પૂછવા લાગ્યાઃ 'કઈ રીતે આવ્યા છો? કેટલા જણા આવ્યા છો? પાછા કઈ રીતે જવાના છો? ભોજનની વ્યવસ્થા શું કરી છે?' વગેરે. અને માત્ર પૃચ્છા નહીં તેઓના માટે સ્વામીશ્રીએ આ તમામ વ્યવસ્થા પણ કરી આપી! આ રીતે ઊંચ-નીચ કે ગરીબ-તવંગર, અમેરિકાવાસી કે આદિવાસી જેવા તમામ ભેદભાવથી પર ઊઠીને દરેક પર નિઃસ્વાર્થ પ્રેમ વરસાવનાર સ્વામીશ્રી સૌનાં હૃદયમાં વસી જાય એમાં શી નવાઈ?

જો આ રીતે આપણે મહાપુરુષોના પગલે-પગલે બીજા માટે ઘસાવાનો અને બધાને પોતાના હૃદયમાં રાખવાનો પ્રયત્ન કરીશું, તો આપણે ઘર બંગલામાં તો રહીએ જ છીએ પણ બધાનાં દિલમાં પણ જગ્યા કરી શકીશું.

sanskar@sandesh.com

પ્રાર્થનાની શક્તિ



+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

તા. ૧૧/૪/૧૯૭૦ના રોજ અમેરિકાએ સમાનવ યાન એપોલો-૧૩ છોડ્યું, ત્યારબાદ પૃથ્વીથી ૩ લાખ કિમી. દૂર ચંદ્રની કક્ષામાં કંઈક યાંત્રિક ખામીને કારણે ભયાનક અકસ્માત થયો. વૈજ્ઞાનિકોએ પરિસ્થિતિની સમીક્ષા કરીને કહેલું કે, 'આપણે કંઈ કરી શકીએ તેમ નથી.' આ સંજોગોમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સને તમામ દેશવાસીઓને વિનંતી કરેલી, 'આપણે કશું કરી શકીએ તેમ નથી, તેથી હું મારા અમેરિકા દેશને અવકાશમાં ગયેલા આપણાં ત્રણ વ્યક્તિઓ માટે ઘૂંટણિયે પડી ભગવાનને પ્રાર્થના કરવા માટે વિનંતી કરું છું.' રાષ્ટ્રપ્રમુખની વિનંતીથી આખો દેશ પ્રાર્થનામાં જોડાયો. અને ચમત્કાર થયો - અવકાશયાનનો અકલ્પનીય રીત બચાવ થયો. આ મિશનના અલાર્મ સિસ્ટમ એન્જિનિયર જેરી વુડ્રિલે 'What really happened to Apollo- 13' નામના પોતાના લેખમાં સ્વીકાર કર્યો કે મિશનનો બચાવ કેવળ પ્રાર્થનાથી જ થયો છે.

ખરેખર, પ્રાર્થના એક એવી અદૃશ્ય શક્તિ છે જેમાં અશક્યને શક્ય કરવાનું સામર્થ્ય છે. જોકે પ્રાર્થનામાં શબ્દોનું, ભાષાની સીમાઓનું કોઈ જ બંધન નથી હોતું. શુદ્ધ ભાવનાથી પ્રાર્થના કરવામાં આવે ત્યારે તેનું ફળ નિશ્ચિત મળતું જ હોય છે. બસ, જરૂર હોય છે ભગવાનમાં અપ્રતીમ શ્રદ્ધા અને શુદ્ધ ભાવનાની.

ફ્રાન્સના એક ધર્મસ્થાનમાં યુદ્ધમાં એક પગ ખોઈ બેઠેલા સૈનિકે પ્રવેશ કર્યો ત્યારે તેને જોઈ કોઈએ ટીકા કરી : 'શું તે એમ માનતો હશે કે તે અહીં પ્રાર્થના કરશે એટલે ભગવાન તેને નવો પગ આપશે?' સૈનિક આ સાંભળી ગયો તેથી તે તેની પાસે જઈ ખૂબ જ વિનમ્રતાથી બોલ્યો: 'મને ખબર છે કે ઈશ્વર મને નવો પગ નહીં આપે પરંતુ મને શ્રદ્ધા જરૂર છે કે, એક પગથી જીવન જીવવાનું બળ ચોક્કસ આપશે.'

તેથી જ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે 'પ્રાર્થનામાં શબ્દોનું નહીં, પણ શુદ્ધ હૃદયનું અને આપણી શ્રદ્ધાનું મહત્ત્વ હોય છે. આ સૂત્ર આપણને એમના જીવનમાં ચરિતાર્થ થયેલું જણાય. જ્યારે જ્યારે સમાજ કે રાષ્ટ્ર પર વિપત્તિઓનાં તોફાનો મંડાયાં છે, કુદરતી કે માનવસર્જિત વિઘ્નો આવ્યાં છે ત્યારે ત્યારે પ્રાર્થનારૂપી હથિયાર દ્વારા અને નિઃસ્વાર્થ સેવા દ્વારા તેમણે સમાજની અને રાષ્ટ્રની રક્ષા કરી છે. અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ, ભૂકંપ હોય કે ત્સુનામી, અરે, કોઈ પરિવાર કે સમાજ પર આફતો ને પ્રશ્નોના અગનગોળા વરસ્યા હોય ત્યારે પણ પૂજ્ય પ્રમુખસ્વામીજીએ પોતાના પ્રચંડ પુરુષાર્થમાં પ્રાર્થનાને અવશ્ય ભેળવી છે. ઘણી વાર પોતાના દેહની પરવા કર્યા વગર, પોતાની ઊંઘ જતી કરીને, અડધી રાત્રે જાગી જાગીને પણ દેશમાં વરસાદ થાય, લોકોનું હિત થાય અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર સરદાર સરોવર યોજના માટે વર્ષો સુધી પ્રાર્થના કરી છે.

જ્યારે જ્યારે સમાજ કે રાષ્ટ્ર પર વિપત્તિઓનાં તોફાનો મંડાયાં છે, કુદરતી કે માનવસર્જિત વિઘ્નો આવ્યાં છે ત્યારે ત્યારે પ્રાર્થનારૂપી હથિયાર દ્વારા અને નિઃસ્વાર્થ સેવા દ્વારા તેમણે સમાજની અને રાષ્ટ્રની રક્ષા કરી છે. પ્રાર્થ્નામાં એટલી તાકાત છે કે તે સર્વેનું રક્ષણ કરી શકે છે, મનને શાંતિ આપવાની ક્ષમતા ધરાવે છે અને રાષ્ટ્રનું પણ રક્ષણ કરે છે

પ્રાર્થના કરવી તે અંધશ્રદ્ધા કે કાયરતા નથી, પરંતુ ભગવાન પ્રત્યે આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું સાક્ષાત્ મૂર્તિમાન સ્વરૂપ છે- કારણ પ્રાર્થના એ ભગવાન સાથેની એક મુલાકાત છે. અને આજે તો આધુનિક વિજ્ઞાનના પ્રયોગો દ્વારા વૈજ્ઞાનિકો અને ડૉક્ટરોએ પણ સાબિત કર્યું છે કે પ્રાર્થના કરવાથી લોહીમાં સ્ટ્રેસ, હોર્મોન, કોર્ટિઝોન અને એપીનેફ્રિનની માત્રા ઓછી થાય છે. તદુપરાંત મન તણાવમુક્ત રહે છે અને શરીરમાં રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે. આમ, મેડિકલ સાયન્સ પણ પ્રાર્થનાને આગવું મહત્ત્વ આપે છે. વિખ્યાત વર્તમાનપત્ર ન્યૂયોર્ક ટાઈમ્સના એક લેખમાં ફિઝિશિયનનો મત ટાંકીને જણાવ્યું હતું કે, 'The medicine of the future is going to be prayer.' અર્થાત્ ભવિષ્યમાં તો પ્રાર્થના જ દવા બનીને રહેશે.

ખરેખર, પ્રાર્થના એ જીવન જીવવાની જડીબુટ્ટી છે, વિઘ્નોને નાથવાનું અમોઘ શસ્ત્ર છે. તો આવો, આપણે પણ પળેપળે પ્રેરણા અને ક્ષણેક્ષણે શાંતિ આપતી પ્રાર્થનાને આપણા રોજિંદા જીવનમાં અપનાવીએ. જો એ અપનાવીશું તો જીવનમાં ચોક્કસ શાંતિ પ્રાપ્ત થશે.

sanskar@sandesh.com

જીવન પોતાનું, મહોરું બીજાનું

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગ દરમિયાન એક પ્રશ્ન પૂછ્યો. 'બાળકો! તમે મોટા થઈને કોના જેવા બનવા માંગો છો?' વિદ્યાર્થીઓના જવાબમાં સેલીબ્રીટીઓની હારમાળા રજૂ થવા લાગી. નેતા, અભિનેતા, સ્પોર્ટ્સમેન, વૈજ્ઞાનિક વગેરે નામની ઘોષણા કરી બાળકોએ પોતાના સપનાઓ જાહેર કર્યા. પોતાના રોલ-મોડેલની જાહેરાત કરતાં તેઓનાં નાજુક નમણાં મુખારવિંદ પર અલગ ચમક જણાતી હતી. તે વખતે એક બાળક શાંત બેઠો હતો. શિક્ષકે કુતૂહલવશ થઈ તેને પ્રશ્ન પૂછ્યો, 'હેન્રી! તારે મોટા થઈને કોના જેવા બનવું છે.' આ નાનકડા બાળકે જે જવાબ આપ્યો તેમાં કદાચ તેના બાળમિત્રોને તો કંઈ સમજાયું નહીં હોય, પણ તેના ઉત્તરમાં છુપાયેલા ગૂઢાર્થથી શિક્ષક અવાક્ થઈ ગયા. તે બાળકે કહ્યું, "Sir! I want to become me. I want to become Henry David Thoreau". "સાહેબ! મારે જીવનમાં હેન્રી ડેવિડ થોરો જ બનવું છે." અને તે બાળક વિશ્વનો મહાન લેખક, ચિંતક, કવિ અને ફિલોસોફર 'હેન્રી ડેવિડ થોરો' બન્યા!

પોતાના અસ્તિત્વ પર સેલિબ્રિટીઓના મહોરાં ચઢાવવામાં વ્યક્તિ પોતાની સ્વતંત્ર ઓળખ ગુમાવી બેસે છે. અહીં મહાન પુરુષોના સદ્ગુણમય જીવનમાંથી પ્રેરણા લેવાની વાતને નકારતા નથી. પણ માત્ર કોઈની પદ-પ્રતિષ્ઠા કે માન-મરતબો જોઈ, તેના વ્યક્તિત્વને પોતાના અસ્તિત્વ પર હાવિ ન થવા દેવાની વાત છે. આ દુનિયામાં ભગવાને દરેક વ્યક્તિને અજોડ બનાવ્યા છે. આ પૃથ્વી પર વસતી પ્રત્યેક વ્યક્તિને ભગવાને એક અજોડ ઓળખ આપી છે. પછી શા માટે આપણે ભગવાનની આ અજોડ બક્ષિસને અવગણીને બીજાની જિંદગી જીવવા માંગીએ છીએ.

શું સચિન તેંડુલકરે ઝાકીર હુસૈન સમાન તબલા વાદક બનવાનું સ્વપ્ન સેવ્યું હોત તો એ આટલા સફળ થઈ શક્યા હોત? શું ઝાકિર હુસૈને માઈકલ એન્જેલો બનવા હાથમાં પીંછી પકડી હોત તો તે આટલા પ્રખ્યાત બની શક્યા હોત? દરેક વ્યક્તિની એક આગવી ઓળખ છે.

જેમને સત્ય અને અસત્ય એવા બે મહોરાંઓ નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી. તે નિર્ભય અને નિઃશંક થઈને જિંદગીનો ઉલ્લાસ માણી શકે છે

પરમ પૂજ્ય પ્રમુખસ્વમી મહારાજને ગુરુ યોગીજી મહારાજના દેહત્યાગ બાદ ઘણા વ્યક્તિઓએ તેમની જેમ ધબ્બા મારવા, સૌને પોતાના સમ દઈને આગ્રહ કરી પાસે રોકવા અને તાળી પાડી હસતા-ડોલતા વાતો કરવી વગેરે સૂચનો આપેલા. પરંતુ તે સમયે સ્વામીજીના નિર્દંભ વ્યક્તિત્વમાંથી નીકળેલ પ્રત્યુત્તર હતો, "એ તો યોગીજી મહારાજની રીત હતી. મારી તેવી રીત નથી એટલે હું શું યોગીબાપાની નકલ કરું? હું જેવો છું તેવો છું, મને કોઈની નકલ કરતા નથી આવડતું, મારામાં જે ન હોય તે ઉપજાવીને કરવાનું મને ન ફાવે."

અમેરિકાના તમામ વર્તમાન પત્રોની રવિ આવૃત્તિ એસોસિએસનનાં અધ્યક્ષ અને 'ફિલાડેલ્ફીયા ઈન્કવાયરર' નાં તંત્રી શ્રીરોનાલ્ડ પટેલે ૧૮ સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ એડિશનમાં ચિક્કાર સભાને સંબોધતા કહ્યું હતું. "એક જર્નાલિસ્ટ તરીકે મેં પ્રમુખસ્વામી મહારાજને કેટલાય અટપટા પ્રશ્નો પૂછ્યા. પરંતુ બધી જ વખતે બધા જ પ્રશ્નોના ઉત્તરમાં જે વસ્તુ બહાર ઉઠી આવી છે, તે છે પ્રમુખસ્વામીના આત્માની પવિત્રતા, નિર્મળતા. તમે એમને ગમે ત્યારે પ્રશ્ન પૂછો, ગમે તે પ્રશ્ન પૂછો, ઉત્તર એકદમ પવિત્ર! ઉત્તરોમાં પ્રસિદ્ધિનો આશય નહીં. વર્તનમાં કે વાણીમાંય આડંબરનો અંશ નહીં. બનાવટનું મહોરું નહીં. એટલે જ એમના જીવનનું સત્ય સૌને પ્રભાવિત કરે છે."

જ્યાં સત્ય છે ત્યાં શાંતિ છે, શક્તિ છે. જ્યાં દંભ છે ત્યાં ઉઘાડા પડી જવાની બીક છે, ચિંતા છે. માટે કોઈનું મહોરું પહેરીને જીવવા કરતાં આપણે જેવા છીએ તેનું ગૌરવ લઈ સ્વમાનભેર જીવવું સારું. બાકી મહોરું સાચવવામાં આપણો સમય, શક્તિ અને સંસાધનો વેડફાઈ જાય. પણ જ્યાં દંભ નથી ત્યાં જીવન ખુલ્લી કિતાબ જેવું રહે છે.

જેમને સત્ય અને અસત્ય એવા બે મહોરાંઓ નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી. તે નિર્ભય અને નિઃશંક થઈને જિંદગીનો ઉલ્લાસ માણી શકે છે. અને કોઈનો મહોરું પહેરવાનો પ્રયત્ન કરનારની દશા કરુણ થઈ જાય છે. આપણા પગમાં '૭' નંબરનો જોડો ફિટ થતો હોય અને '૯' નંબરના ચંપલમાં આખી જિંદગી પગ નાંખીને ફરીએ તોય તે સેટ નહીં થાય, પણ આપણે 'અપસેટ' થઈ જઈશું. માટે ભગવાને આપણને જે અજોડ ઓળખ આપી છે તેને શોધીએ, જાણીએ અને તે અનુસાર આગળ વધીએ તેમાં શાણપણ રહેલું છે.

sanskar@sandesh.com

કહ્યા વિના... જણાવ્યા વિના... માંગ્યા વિના...

લુહારની દુકાનમાંથી આખો દિવસ અવાજ જ આવ્યા કરે અને સોનીની દુકાનમાંથી તો લેશમાત્ર અવાજ નહીં, તેથી એક વાર સોનાએ લોખંડને પૂછ્યું કે 'ભાઈ! તું આખો દિવસ કેમ બૂમાબૂમ કરે છે? તને જેમ હથોડાના ઘા વાગે છે, તેમ મને પણ ઘા વાગે છે. એટલું સહન નથી કરી શકતો?' ત્યારે લોખંડે જવાબ આપ્યો કે 'તને તો પારકાં મારે છે તેથી સહન થાય છે, પણ અમને તો અમારાં પોતાનાં જ ઘા મારે, પછી શેં સહન થાય?'

હજી એક વાત જાણીએ. આજથી આશરે ત્રણ દાયકા પહેલાં અમેરિકા દેશની આ ઘટના છે. એક વ્યક્તિએ પ્રસાર માધ્યમો દ્વારા એવી જાહેરાત કરી કે 'હું કેલિફોર્નિયાથી ન્યૂયોર્ક સુધી આખું અમેરિકા પગપાળા ચાલીને સફર કરવાનો છું.' આખા દેશમાં આ વાતની ચર્ચા ચાલી. આટલી લાંબી, આશરે ૩૦૦૦ માઈલની સફર એકલી વ્યક્તિ કરશે! અને તે પણ પગપાળા! સૌના આશ્ચર્ય વચ્ચે, ખરેખર તે વ્યક્તિએ જાહેરાત પ્રમાણે કરી બતાવ્યું! ૮૫ દિવસની સફરના અંતે જ્યારે તે ન્યૂયોર્ક શહેરમાં પહોંચ્યો, ત્યારે ઘણાબધા તેનું સ્વાગત-અભિવાદન કરવા માટે તૈયાર હતા. અમુક પત્રકારોએ જ્યારે તેને આ વિશિષ્ટ સફર બાબતે પ્રશ્ન પૂછ્યો કે 'આ સફર દરમિયાન તમને સૌથી વધારે વિઘ્ન રૂપ શું બન્યું હતું?' ત્યારે આ વ્યક્તિનો પ્રત્યુત્તર હતો, 'આ લાંબી મુસાફરી દરમિયાન મને નદી, પર્વત, રણ, ખાડા-ટેકરા કે જંગલો એટલાં નથી નડ્યાં, જેટલી મને મારા શૂઝમાં ભરાઈ ગયેલી રેતી વિઘ્ન રૂપ બની છે!' હવે સમજાયું?

લોખંડને તેના પરિવારજન તરફથી મળતો ત્રાસ અસહ્ય થઈ રહે છે; કોઈ સાહસી દોડવીરને તેના શૂઝની રેતી વિઘ્ન રૂપ થઈ પડે છે. આ દૃષ્ટાંતો દ્વારા આપણાં સ્વજનોના દોષ શોધવાનો ઉદ્દેશ્ય નથી, પણ 'મારું વર્તન, મારું અસ્તિત્વ, મારા સ્વભાવ, મારાં સ્વજનોને નડતર રૂપ નથી થતાંને?' એનો તપાસ કરવાનો ઉદ્દેશ્ય છે.

આપણા ગુજરાતી સાહિત્યની એક પ્રસિદ્ધ કવિતા છેઃ 'એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને...' પોતે સુગંધિત ફૂલ બનીને જીવી જનારને ફાયદા થતા જ હોય છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણા ગુજરાતી સાહિત્યની એક પ્રસિદ્ધ કવિતા છેઃ 'એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને...' પોતે સુગંધિત ફૂલ બનીને જીવન જીવી જનારને બે ફાયદા થતા હોય છે. પહેલોઃ 'એને પોતાને જ જીવન જીવવાની મજા આવે.' અને બીજો કે 'પોતાની આસપાસના લોકોને પણ તેની સાથે જીવન જીવવાની મજા આવે.' એક મનુષ્ય હોવાને નાતે, શા માટે આપણે બીજાને નડતર રૂપ થઈએ? પરિવાર રૂપી બગીચામાં આપણી શું ભૂમિકા છે? અન્યોને નડતર રૂપ થતા એક કાંટાની? કે પછી પોતાને અને અન્યને સુગંધથી ભરી દેતા એક ફૂલની? નક્કી આપણે કરવાનું છે.

પ્રમુખસ્વામી મહારાજ ૯૩ વર્ષની વયે જ્યારે તીર્થધામ સારંગપુરમાં વિરાજમાન હતા ત્યારની આ વાત છે. તે સમયે પ્રમુખસ્વામીજીની તબિયતને ધ્યાનમાં રાખીને પ્રાથમિક મેડિકલ વ્યવસ્થા સારંગપુરમાં જ ઊભી કરવામાં આવી હતી, પરંતુ જો કોઈ વિશેષ સારવારની જરૂર પડે તો અમદાવાદ અથવા નજીકનાં શહેરોમાંથી સત્સંગી ડૉક્ટરો સ્વામીશ્રીની સેવામાં હાજર થઈ જતા. એક દિવસ એક સેવક સંતને ખભામાં કોઈક કારણસર દુખાવો ઊપડ્યો, પરંતુ તેમની પરિસ્થિતિ એવી હતી કે જો સારવાર કરાવવા જાય તો તેઓ સેવા ન કરી શકે અને સારંગપુરમાં રહે તો સારવાર થવી શક્ય નહોતી. પથારીમાં બેઠાંબેઠાં પણ પ્રમુખસ્વામીજી આ સંતની મૂંઝવણ પારખી ગયા. અચાનક તેઓ સંતોને ફરિયાદ કરવા માંડ્યા કે મને પગમાં દુખે છે. પ્રાથમિક તપાસ કરતાં કંઈ વિશેષ જણાયું નહીં. છતાં તેઓએ જ્યારે ફરિયાદ ચાલુ રાખી ત્યારે સૌને આશ્ચર્ય થયું કે જીવનમાં ક્યારેય પોતાનાં દુઃખ બાબત ફરિયાદ ન કરનારા સ્વામીશ્રી આજે કેમ આમ કહે છે? અમદાવાદથી તરત એક નિષ્ણાત ડૉક્ટર દોડી આવ્યા. તેમણે તપાસ શરૂ કરી. તેમને પણ કાંઈ વિશેષ જણાયું નહીં. થોડી વારે સ્વામીશ્રીએ ડૉક્ટરને ભલામણ કરી કે અમારા એક સંતને ખભે તકલીફ છે, તો તેમની પણ તપાસ કરી આપશો! ત્યારે તે સંતને ખ્યાલ આવ્યો કે પ્રમુખસ્વામી મહારાજે કોઈ દિવસ નહીં અને આજે ફરિયાદ કરી, ડૉક્ટરને બોલાવ્યા, આ બધું કર્યું તે મારા માટે કર્યું!

ખરેખર, કહ્યા વિના પણ વેદના જાણી જાય, તે સ્વજન... જણાવ્યા વિના પણ દુઃખ ખાળી દે, તે સ્વજન... માંગ્યા વિના પણ સ્નેહ-વાત્સલ્યસમાં અમૃત પીવડાવે તે સ્વજન...

sanskar@sandesh.com

પારિવારિક સંવાદિતાનો
સંગીન સુઝાવ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વાત છે વડોદરા શહેરના અટલાદરા ગામની, જ્યાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ યોજાયો હતો. ઉત્સવ સભાના સમય અંગે સ્વામીશ્રીએ પૂછપરછ કરી, એટલે સંતોએ કહ્યું 'આપને આમાં કંઈ ફેરફાર કરાવવો હોય તો જણાવો. આપ કહો એમ કરીશું.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'હું નહીં, બધાનું શું કહેવું છે? 'હું કહું એમ જ થવું જોઈએ એમ ન થવું જોઈએ. સર્વાનુમતે થવું જોઈએ.' સંવાદિતાનો સંગીન સુઝાવ પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાંથી સરી પડ્યો!

શબ્દો સીમિત છે, પરંતુ એમાં રહેલી ભાવના કેટલી અપાર છે! વાક્ય નાનું છે, પણ એમાંથી જન્મનારું સંવાદિતા રૂપી પરિણામ કેટલું મોટું છે! અને મહાન સત્પુરુષના મુખેથી સહજતયા સરી પડેલું આ બ્રહ્મવાક્ય જીવનમાં જીવી બતાવવું તે પણ સૌથી મોટી સિદ્ધિ છે.

કારણ કે આ વાતનો અમલ મેનેજમેન્ટની દૃષ્ટિએ આપણા નોકરી, ધંધા, વ્યવસાય, રાજકારણમાં કરો, તો પણ કંપની, રાજ્ય કે દેશની સંપૂર્ણ પ્રગતિ નિશ્ચિત છે; અને જો તેનો અમલ પારસ્પરિક સંબંધોની દૃષ્ટિએ આપણા પરિવારમાં કરો તો પણ પારિવારિક શાંતિ અને પરસ્પરનાં અતૂટ લાગણીબંધન મળવાં નિશ્ચિત છે.

આજકાલના પરિવારોમાં ઉદ્ભવતા પ્રશ્નોનાં મૂળ તો એટલે જ પહોંચે છે કે 'બસ, બધે મારું ધાર્યું થવું જોઈએ. લોકો મારા એકલાનું જ માનવા જોઈએ. બધા મને પૂછીને જ બધું કરવા જોઈએ.'

જ્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે તેઓ સંસ્થાના પ્રમુખ હોવા છતાં, સંપૂર્ણ સત્તાધારી હોવા છતાં, એમણે ક્યારેય પણ કોઈ પણ પ્રકારનો નિર્ણય એકલા કર્યો નથી. આપણે શરૂઆતમાં જે વાંચ્યા, એ શબ્દો તેઓ માત્ર બોલ્યા નથી પરંતુ તેને શબ્દશ: જીવ્યા છે.

વાત છે સંવત ૧૯૭૧ની. જ્યારે પ્રમુખસ્વામી મહારાજના ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અક્ષરધામમાં પધાર્યા. ધામગમનના બીજા દિવસે પ્રમુખસ્વામી મહારાજે ગોંડલ મંદિરની ખેતીવાડી સંભાળતા સંતને પૂછેલું: 'જ્યાં આપણે ઘઉં વાવ્યા છે, તે સ્થળ મોટેરા સંતો અને ટ્રસ્ટીઓએ યોગીજી મહારાજના અગ્નિસંસ્કાર માટે પસંદ કર્યું છે. તો તમારો શો અભિપ્રાય છે?' 'સ્વામી! આપ સંસ્થાના ધણી છો. હું તો આપનો સામાન્ય સેવક છું. આપે નક્કી કર્યું હોય એ બરાબર જ હોય. આપે મને પૂછવાનું પણ ન હોય.' તે સંતે કહ્યું.

'તમે ઘઉં વાવ્યા છે. મહેનત કરી છે. તેથી તમને પૂછવું તો પડેને!' સ્વામીશ્રી બોલ્યા. પોતાના પ્રાણપ્યારા ગુરુ ધામમાં ગયા હોય, ત્યારનાં દુ:ખ, ત્યારની જવાબદારીઓ વચ્ચે પણ પ્રમુખસ્વામી મહારાજે સાથેના સંતને પૂછ્યા વિના સીધો જ નિર્ણય ન લઈ લીધો. સંસ્થાના ધણી થઈને સ્વામીશ્રીએ એ સંતને મહત્ત્વ આપીને તેમનું હૃદય સહજમાં જીતી લીધું. તેઓના જીવન થકી થયેલું આ કેવું વિરલ 'પ્રમુખ દર્શન!'

આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે: **'जितं जगत् केन मनो हि येन'** જેનો સીધો અર્થ થાય છે: 'જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.' પરંતુ આ ઉક્તિનો અર્થ એવો પણ કરી શકાય કે 'જેણે સૌનાં મન જીત્યાં, તેણે આખું જગત જીત્યું...' કારણ કે પોતાનું મન તો ખરું જ, પણ પોતાની સાથે રહેતાં આપણાં સ્વજનોનાં મન-હૃદય જીતીને જે કુટુંબ, સમાજ કે દેશ માટે કાર્ય કરે છે તે સુખી અને સફળ જીવનનો અધિકારી બને છે.

ઘર માટેની કોઈ ખરીદી કરવામાં સૌને પૂછીને નિર્ણય લીધો હોય... તો પરિવાર કેટલો સંપીલો, કેટલો લાગણી અને પ્રેમભર્યો થઈ જાય!

આપણું વર્તન એવું રહે, જેથી ઘરના દરેક સભ્યને એવું લાગે કે પરિવારમાં તેનું પણ કંઈક મહત્ત્વ છે. ઘરનાં ફર્નિચરમાં ફેરફાર કરતાં પહેલાં એક વાર જો પિતાજીને પૂછી લીધું હોય; કિચનમાં કંઈક કરાવવાની જરૂર પડે, તેમાં પત્નીની સલાહ લીધી હોય; નવી ગાડી લેવાની હોય ત્યારે માતુશ્રીને 'ટ્રાયલ રાઈડ'માં બેસાડીને 'તમને આ ગાડીમાં ફાવશેને?' એમ પૂછ્યું હોય; ઘરનું 'ઇન્ટિરીયર ડિઝાઇન' કરવામાં નાના ભાઈ કે મોટા ભાઈને સાથે રાખ્યા હોય; ફરવા જતાં પહેલાં બાળકોને 'ક્યાં જવું ગમે?' એમ પૂછ્યું હોય; ઘર માટેની કોઈ ખરીદી કરવામાં સૌને પૂછીને નિર્ણય લીધો હોય... તો પરિવાર કેટલો સંપીલો, કેટલો લાગણી અને પ્રેમભર્યો થઈ જાય! પ્રમુખસ્વામી મહારાજનાં પગલે-પગલે જો આપણે પણ સૌને સાથે રાખીશું, સૌનો અભિપ્રાય લઈશું, સૌનાં મન સાચવીશું તો ખરેખર આપણું ઘર નંદનવન બનતા કોઈ રોકી નહીં શકે!

sanskar@sandesh.com

સાહસ

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ખરેખર રચનાત્મક સાહસોથી ઇતિહાસની કરવટ બદલાય છે

આ દુનિયામાં સાધારણ લાગતા માણસનાં મન-મસ્તિષ્કમાં પણ ઘણી વાર દુનિયા બદલી શકે એવા વિચારોના ચમકારા થતા હોય છે, પણ બહુધા તે વિચારોને મનમાં જ સંગ્રહી સરેરાશ લોકો પોતાની જીવનયાત્રા સમાપ્ત કરે છે. આ વિચારો આકાર નથી પકડી શકતા, તેનાં ઘણાં પરિબળોમાંનું એક છે, સાહસનો અભાવ. મોટે ભાગે આવા ક્રાંતિકારી વિચારોનો જ્યારે જન્મ થાય છે ત્યાં જ 'નિષ્ફળતાની બીક' કે 'comfort zone'નું કોચલું તેની કતલ કરી નાંખે છે, પણ જો આપણે સમજદારીપૂર્વક સાહસ કરીને ઝંપલાવીએ તો બની શકે કે આપણું સાહસ વિશ્વને નવા સૂર્યોદયો દેખાડે.

ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડવાનું સાહસ કર્યું તો આઝાદીની ચળવળમાં વેગ લાગી ગયો. સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૩ રજવાડાં એક કરવાનું સાહસ કર્યું તો આપણને અખંડ ભારતની ભેટ મળી. ૨૫ મે, ૧૯૬૧ના રોજ જ્હોન એફ. કેનેડીએ એક ઘોષણા કરી કે આ દાયકાના અંત સુધીમાં આપણે ચંદ્ર પર જઈ સાજાસમા પરત ફરીશું. આ સાહસસભર એક ઘોષણાથી ૧૯૭૦માં તો પૃથ્વીવાસીએ ચંદ્ર પર પગ મૂકી દીધો. સચિન તેંડુલકરે બૉલિંગ છોડીને બૅટિંગ પર હાથ અજમાવવાનું સાહસ કર્યું તો વિશ્વને God of Cricketનાં દર્શન થયાં. ખરેખર રચનાત્મક સાહસોથી ઇતિહાસની કરવટ બદલાય છે. અને જો યોગ્ય સમયે સાહસિક પગલાં ભરીને બદલાવ ન લાવીએ તો સફળતાના શિખરેથી નિષ્ફળતાઓની ખાઈમાં ધૂળ ચાટતા થઈ જવાય, તેનું પણ વિશ્વ સાક્ષી છે. ૨૦મી સદીમાં ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીના ક્ષેત્રમાં રાજ કરનારી કંપની હતી Kodak. ૧૯૬૮ સુધી તો આ ક્ષેત્રના ગ્લોબલ માર્કેટના ૮૦% શૅર Kodak પાસે હતા, પણ ૨૦૧૨ની સાલમાં તેને નાદારી જાહેર કરવી પડી, કારણ 'ફિલ્મ' કેમેરામાંથી Kodak ડિજિટલ કેમેરા પર કૂદકો મારવાનું સાહસ ન કરી શકી. Nokia કંપની Androidને સ્વીકારવાનું સાહસ ન કરી શકી તો તેનું પરિણામ આજે આપણી નજર સામે છે.

૨૦૦૨ની સાલમાં Guinness Book of World Recordsએ છેલ્લાં એક હજાર વર્ષની ૨૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી જાહેર કરી. આ યાદીમાં માત્ર બે જ ભારતીયો હતા, એક મહાત્મા ગાંધી અને બીજા હતા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ. ગુજરાતના ચાણસદ જેવા ખૂણાના ગામડામાં જન્મેલા, કેવળ ૬ ધોરણ ભણેલા પ્રમુખસ્વામી મહારાજની આ જ્વલંત સફળતામાં પણ તેઓની સાહસિકતા ઝળકે છે.

પરદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિના વિજયધ્વજ ફરકાવતાં ગગનચુંબતાં ૮ ભવ્ય શિખરબદ્ધ મંદિરો તેઓના સાહસની સાક્ષી પૂરે છે. ૨૦૦૧ની સાલમાં ગાંધીનગર અક્ષરધામ પર આતંકવાદી હુમલો થવા છતાં ભારતની રાજધાની દિલ્હીમાં ૨૦૦ એકરની જમીન પર બીજું ભવ્ય અક્ષરધામ બનાવવાનું સાહસ. ભારતમાં સૌપ્રથમ વખત IMAX ફિલ્મનું સર્જન કરી વિશ્વને તેઓએ ભારતની ભવ્યતાનાં દર્શન કરાવ્યાં. જે સમયે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં પણ કોઈ IMAX ફિલ્મના સાહસમાં સફળ નહોતું થયું તે સમયે સાવ અજાણ્યા દરિયે ડૂબકી મારવાનું કેવું ભવ્ય સાહસ! અયોધ્યા ખાતેના રામમંદિરની પ્રથમ શિલાનું પૂજન કરતી તેમની છબી તેઓના સાહસિક વ્યક્તિત્વને જગછત્રાયું કરે છે. ગાંધીનગર અક્ષરધામનો લેઝર વૉટર શૉ તે સમયે ભારતમાં સૌપ્રથમ હતો. આધ્યાત્મિકતા અને ટેક્નોલૉજીના સુભગ સમન્વયનું કેવું બેનમૂન સાહસ!

સાહસ તમારાં ચરણોમાં અકલ્પ્ય સિદ્ધિઓ લઈ આવશે, પણ સાથે એ યાદ રાખવું ઘટે કે સાહસ કેવું કરવું? મહંતસ્વામી મહારાજ કહે છે 'સારા ફળને આપે તેવું, ઉન્નતિ કરે તેવું અને ઉચિત હોય તેવું જ સાહસ કરવું. જે કેવળ પોતાના મનનું અને લોકોનું રંજન કરે તેવું સાહસ ન કરવું' દુનિયામાં લોકો જીવના જોખમે લોક રીઝવવા સાહસ કરે છે. અમુક ક્ષણોની તાળીઓ અને 'વાહ વાહ'થી વિશેષ તેમાં કંઈ સરતું નથી. અહીં એવા સાહસની વાત નથી.

માટે કોઈ પણ સાહસ કરતાં પૂર્વે તેનો હેતુ ચકાસી લેવો. લોકોને ખોટી રીતે દબાવીને કે પાછા પાડીને અનૈતિકતાના માર્ગે ચાલવાનું સાહસ બરબાદી નોતરશે અને સમજદારી રાખી યોગ્ય દિશામાં ઝંપલાવવાનું સાહસ કરીશું તો ચોક્કસ સફળતાના એક નવા વિશ્વમાં આપણે બહાર નીકળીશું.

sanskar@sandesh.com

બીજાનો વિચાર

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

એક સુંદર, પ્રચલિત અને સમજવા જેવી કટાક્ષકથા છે. એક વડીલ રેલવે સ્ટેશન ઉપર ટ્રેનની રાહ જોતાં બેઠા હતા. સમયનો સદુપયોગ કરવા તેઓ રામાયણનો ગ્રંથ વાંચતાં હતા. ત્યાં એક જુવાનિયો આવ્યો. નવપરિણીત પત્ની સાથે તે પણ આ જ ટ્રેનમાં નીકળવાનો હતો. કાકાને જોઈને તે યુવાનીના તોરમાં જ બોલ્યોઃ 'શું કાકા તમે પણ? જમાના સાથે થોડા 'અપડેટ' થાઓ... રામાયણમાં શું વાંચવાનું? હં...' એમ છણકો કરીને બાજુમાં બેઠો. એટલામાં ટ્રેન આવી અને ભારે ભીડ થઈ ગઈ. તેમાં હજુ તો બધા ચઢે ન ચઢે એટલામાં તો ટ્રેન ઊપડી. ગીરદીમાં ફરી તે કાકા અને યુવાન ભેગા થઈ ગયા. પણ આ વખતે યુવાન ટેન્શનમાં હતો, કારણ કે ભારે ભીડમાં એ તો ચઢી ગયો પણ એની પત્ની રહી ગયેલી! કાકા પળવારમાં સઘળું સમજી ગયા; ધીરેથી બોલ્યાઃ 'ભઈલા! રામાયણ વાંચ્યું હોત તો તને ખબર હોત કે પુષ્પક વિમાનમાં ચઢતી વેળાએ રામજીએ સીતાજીને પહેલાં ચઢાવ્યાં હતાં અને પછી પોતે ચઢ્યા હતા!' યુવાન બિચારો શું બોલે?

આપણે થોડો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે આપણે આખો દિવસ આપણા જ વિચારો કરતા હોઇએ છીએ

પ્રસંગ નાનો છે, પણ રામાયણમાંથી મળતો આ બહુ મોટો બોધપાઠ છે. માત્ર ભગવાન શ્રીરામ જ નહીં, પરંતુ દરેક મહાપુરુષોના જીવનમાં આ એક વાત સ્પષ્ટપણે જોવા મળે છે કે તેઓ હંમેશાં બીજાનો વિચાર કરે છે.

એક વખત ચીનના સમ્રાટે કન્ફ્યુશિયસને પૂછ્યું, 'સૌથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહેઃ 'આપ', કારણ કે આપને સત્ય જાણવાની જિજ્ઞાસા છે.' ત્યારે સમ્રાટે બીજો પ્રશ્ન પૂછ્યોઃ 'મારાથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહે, 'હું.' કારણ કે હું સત્યને ચાહું છું.' સમ્રાટે આગળ પૂછ્યું કે, 'તમારાથી મહાન કોણ?' ત્યારે કન્ફ્યુશિયસે દૂર એક જગ્યાએ કૂવો ખોદી રહેલી એક વૃદ્ધા તરફ ઈશારો કરીને કહ્યું કે, 'તે વૃદ્ધા', કારણ કે જે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે નહીં, પરંતુ અન્ય લોકોના લાભ ખાતર પરિશ્રમ કરે છે, તે બધા કરતાં શ્રેષ્ઠ છે.'

૧૯૭૧માં ઉનાળાની એક બપોરે નડિયાદમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. તેઓ રથમાં બિરાજ્યા હતા. તડકાને કારણે સડકો તપી રહી હતી. કેટલાક સંતો નગરયાત્રામાં પગપાળા પણ જોડાયેલા. એમાં એક સંત પાસે પગરખાં નહોતાં, તેથી ખુલ્લા પગે દાઝતાં-દાઝતાં તેઓ ચાલી રહેલા. અચાનક તેમના નામની બૂમ પડી. તેઓએ પાછળ વળીને જોયું તો પ્રમુખસ્વામી મહારાજ ચાલુ શોભાયાત્રામાં એમના માટે પોતાની મોજડી તે સંત તરફ ફેંકીને કહી રહ્યા હતા કે, 'પહેરી લો! ઉઘાડા પગે ન રહેવું. આંખો દઝાય, આંખોનું તેજ ઘટી જાય.' તેમણે મોજડી પહેરી લીધી. બે-ચાર મિનિટ પછી અણસાર આવ્યો કે આ તો સ્વામીશ્રીએ પોતાની મોજડી આપી છે તેથી તરત કાઢી નાંખી. સ્વામીશ્રી ફરી કહેઃ 'પહેરી લો! એ કંઈ હાથમાં ઝાલવા થોડી આપી છે?'

માત્ર 'હું' જ નહીં, પરંતુ જ્યારે 'હું'ની સાથેના, 'હું'ની આસપાસનાઓનો વિચાર કરવામાં આવે ત્યારે જીવન ખરેખર મહાન બનતું હોય છે.

આપણે થોડો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે આપણે આખો દિવસ આપણા જ વિચારો કરતા હોઈએ છીએ, પરંતુ ભગવાન શ્રીરામ કે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષો આપણને શીખવે છે કે પહેલાં બીજાનો વિચાર કરવો. આપણા કારણે કોઈ બીજાને તકલીફ પડે એવું આપણે શું કામ થવા દેવું? આપણું અસ્તિત્વ માત્ર આપણાથી જ નથી. આપણી આસપાસના લોકો, આપણા પરિવારજનો છે તો આપણું અસ્તિત્વ છે. જો એ લોકો ન હોય તો આપણે એકલા શું કરી લેવાના? માટે ચાલો, આપણે એ મહાપુરુષોનો વિચાર ન કરી શકીએ તો કાંઈ નહીં પણ ઓછામાં ઓછું આપણને સાથ આપનારાઓનો, આપણાં સ્વજનોનો વિચાર કરીએ. સૌની સાથે નિઃસ્વાર્થ લાગણીઓથી જોડાઈને જીવન મંગલ કરીએ...

sanskar@sandesh.com

વક્તવ્ય કે કર્તવ્ય ?

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આ દુનિયામાં જાતજાતના અને ભાતભાતના મનુષ્યોનો આપણે રોજબરોજ સામનો કરવો પડતો હોય છે. જેને મોટા ભાગે બે પક્ષોમાં વહેંચી શકાય - પ્રભાવ પાડનારા અને પ્રભાવિત થનારા; સમૂહને દોરનારા અને ગાડરિયા પ્રવાહમાં વહી જનારા; અધ્યાત્મવાદી અને ભૌતિકવાદી; મુશ્કેલી આવતાં જ જીવન હારી જનારા અને વિઘ્નોની વણઝારમાં પણ બાજી મારી જનારા... યાદી તો ઘણી લાંબી બને એમ છે, પરંતુ આજે આપણે એક વિશિષ્ટ પક્ષની વાત કરવાના છીએ.

આપણી સંસ્કૃતિમાં સદીઓથી આ કહેવત ગવાતી આવી છે:

'કહેણી મિસરી ખાંડ હે, રહેણી તાતા લોહ; કહેણી કહે ઔર રહેણી રહે, ઐસા વિરલા કોક.'

અર્થાત્ કોઈ પણ વાત બોલી નાખવી ખાંડ જેવી મીઠી છે પણ એ પ્રમાણે વર્તીને બતાવવું એ તપાવેલા લોખંડની સાંકળને ગળામાં પહેરવા જેવું આકરું છે. આદર્શ આચારરૂપી વાણી વદ્યા પછી તે પ્રમાણે વર્તી બતાવે એવા વિરલા બહુ દુર્લભ હોય છે.

૧૯૮૯માં મુંબઈમાં એક પ્રખર સાહિત્યકારે ગુજરાતના મહાન સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ વિશે કહેલું કે 'અમે પણ સદવર્તનની વાતો કરીએ છીએ અને પ્રમુખસ્વામી મહારાજ પણ કરે છે, પરંતુ એમની વાતોની અસર થાય છે.

બે સદી પહેલાં ભગવાન સ્વામિનારાયણે સમાજશુદ્ધિનું આંદોલન આદર્યું, તેમાં સંતોને ઘરોઘર ફરીને ઉપદેશ આપવા માટે આજ્ઞા કરી. અને સદાચારના ઉપદેશક એવા આ સંતોને ઉચ્ચ આચરણના નિયમ-ધર્મ આપ્યા! ભગવાન સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક વારસદાર એવા પ્રમુખસ્વામી મહારાજે એ સિદ્ધાંતોને અવિચળ રાખીને, અણીશુદ્ધ નિયમધર્મયુક્ત જીવન જીવીને, વિશ્વવિખ્યાત 'રીડર્સ ડાયજેસ્ટ'ના સરવે અનુસાર 'દુનિયાની ૨૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ'માં સ્થાન મેળવ્યું છે! ભારતવર્ષનાં કે વિદેશનાં ૧૭,૦૦૦થી વધુ ગામ-શહેરોમાં અવિરત વિચરણ કરીને મનુષ્યમાત્રને શુદ્ધ-ઉચ્ચ જીવનની પ્રેરણા આપનારા સ્વામીશ્રીએ પોતે ક્યારેય પણ નિયમ-ધર્મની લક્ષ્મણરેખાને ઓળંગી નથી.

'કહેણી મિસરી ખાંડ હે, રહેણી તાતા લોહ; કહેણી કહે ઔર રહેણી રહે, ઐસા વિરલા કોક.'

એક વખત 'ગુજરાત મેલ' ટ્રેનમાં પ્રમુખસ્વામી મહારાજ આણંદથી મુંબઈ જતા હતા. ત્યારે અધવચ્ચે જ ખ્યાલ આવ્યો કે ટિકિટ બુકિંગ કરનાર હરિભક્ત રિઝર્વેશનના ₹૫૦ ભરવાના ચૂકી ગયા હતા. ટિકિટ ચેકરે આ રકમ માંગી ત્યારે સ્વામીશ્રીએ વિનંતી કરી કે 'અમે મુંબઈ ઊતરીએ ત્યારે જે હરિભક્ત લેવા આવ્યા હશે એમની પાસેથી પૈસા માંગીને ચૂકવી દઈશું.' કારણ એ હતું કે સ્વામિનારાયણીય સાધુના સ્ત્રી-ધનના ત્યાગના નિયમનું દૃઢપણે પાલન કરનારા એમણે જિંદગીમાં કાણી પાઈ પણ પોતાની પાસે રાખી નહોતી! ત્યારે સહપ્રવાસીઓને આ બાબત કેવી આશ્ચર્યકારી લાગી હશે કે આવી વિશ્વવ્યાપી સંસ્થાના સર્વેસર્વા પ્રમુખસ્વામી આ પોતે જ છે! જેની પાસે ૫૦ પણ નથી!

નવી દિલ્હીસ્થિત અમેરિકાના કોન્સ્યુલર ઓફિસર ડેમિયન સ્મિથે પ્રમુખસ્વામી મહારાજનો પાસપોર્ટ જોયો ત્યારે એ દળદાર ગ્રંથ જેવા પાસપોર્ટમાં કુલ ૪૫થી વધુ દેશના વિઝા સ્ટેમ્પ જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે 'સ્વામીજીએ ઘણા બધા દેશોનો પ્રવાસ ખેડ્યો છે, પણ એમને ક્યાંયની હવા લાગી નથી!' આખું વિશ્વ ફરી લીધા પછી પણ, તેઓની રીતભાતમાં અણુ જેટલોય ફેરફાર થયો નહોતો. ગમે તે પરિસ્થિતિ હોય, શરીર, સ્વાસ્થ્ય કે સુવિધાનું જોખમ હોય, પરંતુ એ બધાને અવગણીને, તેઓનું નિયમધર્મયુક્ત આચરણ એવું ને એવું અડીખમ રહ્યું હતું!

આચરણના ઉત્તુંગ હિમાલયે બેઠેલા આ મહાપુરુષ એટલે જ તો સહુ કોઈનો પરમ આદર પામી લોકહૃદયના સમ્રાટ બની શક્યા. ભારત સાધુ સમાજના પ્રમુખ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજી કહેતા કે, 'હમ સબ તો વક્તવ્યવાલેં હૈં, લેકિન પ્રમુખસ્વામી કર્તવ્યવાલે હૈં'

માત્ર એક જ વાક્ય પરંતુ તેના દ્વારા થયેલું આ વિરલ દર્શન આપણને આપણા જીવન અને આચરણ માટે અંતરદૃષ્ટિ કરાવે છે. આપણે ઘરમાં કે નોકરી-ધંધામાં માત્ર સારી-સારી વાતો કરીને અંદરખાને કપટ કરીએ છીએ કે પછી એક વાર જે બોલ્યા હોઈએ, વચન આપ્યું હોય, તે પ્રમાણે વર્તી બતાવીએ છીએ? આપણું આચરણ આપણા હાથમાં જ છે. તે જોઈને, જાણે આપણાં મન-હૃદય-આત્મામાં રહેલા સાક્ષીરૂપી ભગવાન આપણને નિરંતર પૂછે કે 'આપ વક્તવ્યવાલે હૈં? યા કર્તવ્યવાલે હૈં?'

sanskar@sandesh.com

સમય એટલે શું ?

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આ જે ધરતીના પટ પર ભાગદોડ ભર્યા જીવનમાં પ્રત્યેક વ્યક્તિનો એક જ સૂર સંભળાઈ રહ્યો છે... 'મારી પાસે ટાઈમ નથી.'

ત્યારે માનવ મસ્તિષ્કમાં એક પ્રશ્ન ઉદભવે છે. ટાઈમ એટલે શું?

આ પ્રશ્ન સમાજના વિભિન્ન વ્યક્તિઓને પૂછવામાં આવે ત્યારે જવાબમાં ઘણા વ્યક્તિઓ કહેશે 'ટાઈમ એટલે સમય'.

કોઈ સાહિત્યકારનો પ્રત્યુત્તર હશે, "ટાઈમ અર્થાત્ ક્ષણે ક્ષણે ક્ષીણ થતી ક્ષણ." કોઈ બિઝનેસમેન કહેશે 'Time is Money' સમય પૈસા, સોનુ છે.

આવી તો કેટલીય જુદી જુદી વ્યાખ્યાઓ આપણને મળશે પરંતુ આજે સમયની એક જુદી જ પરિભાષાને સમજવી છે.

તેઓએ મને સમય આપ્યો. હતાશામાં હિંમત આપી અને એકલતામાં પ્રેમ આપ્યો

કોઈ વ્યક્તિ સમયનું યોગદાન ક્યારે આપે? જ્યારે તેને જે તે વસ્તુમાં પ્રેમ હોય ત્યારે. કહેવાનું તાત્પર્ય છે કે, કોઈ વ્યક્તિ નોકરી કરે છે, સમય આપે છે કારણ તેને જે વળતર મળે છે તે વ્હાલુ છે. તેની આવશ્યકતા છે. કોઈ વ્યક્તિ રચનાત્મક કાર્યો પાછળ સમય આપે છે કારણ કે તેમાં તેને રસ, રુચિ કે પ્રેમ છે. કોઈ વ્યક્તિ પોતાના બાળકો માટે સમય આપે છે કારણ તે પોતાના બાળકોને પ્રેમ કરે છે. અને ખરેખર જ્યારે કોઈ પણ વ્યક્તિ પ્રેમ આપે છે, સમય આપે છે ત્યારે તેને મળતું વળતર અકલ્પનીય હોય છે.

અમેરિકામાં જ્હોની કેશ નામે મોટા ગજાનો ગાયક થઈ ગયો. જેણે પોતાના જીવનકાળ દરમ્યાન ૧૫૦૦થી વધુ ગીતો ગાયા, સંગીતક્ષેત્રનું લબ્ધપ્રતિષ્ઠિત ગ્રેમી પારિતોષિક મેળવ્યું હતું. એટલું જ નહીં, પરંતુ સન ૧૯૬૧નાં એક જ વર્ષમાં તેણે ૨૯૦ જેટલા કાર્યક્રમો કરેલા, જેમાં ૧૦ લાખથી વધારે લોકો તેને સાંભળવા માટે ઉપસ્થિત રહેલા. પરંતુ ૧૯૫૭માં તેના જીવનમાં ડ્રગ્સે પ્રવેશ કર્યો. જેના કારણે તેના જીવનમાં જેલ અને હોસ્પિટલોની આવન-જાવન ચાલુ થઈ. જીવન ગબડવા-બગડવા લાગ્યું, પદ અને પ્રતિષ્ઠા જતાં મિત્રોએ પણ સાથ છોડી દીધો. આમ, દરેક જગ્યાએથી હતાશ થતાં તેણે ટેનેસીની 'નીકાજેક ગુફામાં' અથડાઈ-કુટાઈને જીવનનો અંત આણવાનું નક્કી કર્યું. આ ગુફા પણ એવી અડાબીડ અને અટપટી છે કે એમાં પ્રવેશેલો વ્યક્તિ ક્યારેય બહાર જ ન નીકળી શકે. ઘણાએ એમાં પોતાના પ્રાણ ખોયા છે. તે આ અંધારી ગુફામાં ગયો અને અથડાતો-કુટાતો મૃતઃપ્રાય થઈને ઢળી પડ્યો. થોડા સમય પછી જ્યારે ભાનમાં આવ્યો તો પૂનઃ ગુફામાં અથડાવાનું શરૂ કરી દીધું. પરંતુ, ચાલતાં-ચાલતાં તે ચમત્કારિક રીતે ગુફાની બહાર આવી ગયો. જ્યાં તેની સામે તેની માતા અને પત્ની જૂન કાર્ટર ઊભા હતાં. તેમણે જ્હોનીને પ્રેમથી આવકાર્યો અને તેની દેખભાળ કરવા લાગ્યા. જ્હોની માટે સમય આપવા લાગ્યા. સમયના યોગદાન અને સ્નેહાળ સંભાળે કેવો જાદુ કર્યો તે જણાવતાં જ્હોની કહે છે, 'હું જીવતો છું તેનું કારણ મારી માતા અને મારી પત્નીએ આપેલો પ્રેમ છે. તેઓએ મને સમય આપ્યો. હતાશામાં હિંમત આપી અને એકલતામાં પ્રેમ આપ્યો.' આમ, પત્ની અને માતાએ આપેલા સમયે તે કલાકારને મૃત્યુ અને ડ્રગ્સનાં વ્યસનમાંથી બચાવી લીધો. ખરેખર, જ્યારે વ્યક્તિ નિઃસ્વાર્થ ભાવે કોઈ અન્ય વ્યક્તિ માટે સમય અર્થાત પ્રેમ આપે છે ત્યારે તેનું વળતર પણ અનેક ગણું મળતું હોય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ લોકોના હૃદયમાં વસ્યા છે તેનું કારણ સમય છે. સામાન્ય કર્મચારીથી લઈને મોટા પદાધિકારી સુધી, હળપતિથી લઈને રાષ્ટ્રપતિ સુધી, સામાન્ય જનથી લઈને મહાજન સુધી પ્રત્યેકને આદર છે, સમ્માનની લાગણી છે. એટલે જ તેમનો જન્મ શતાબ્દી મહોત્સવ ટૂંક સમય પહેલા જ ઉજવાયો.

તેઓને જીવનકાળ દરમિયાન અનેક માન-અકરામ, બહુમાન, વિધ વિધ ઉપાધિઓ અને key to the city આદિના સમ્માનો પ્રાપ્ત થયા. પરંતુ તે ખિતાબો મળવા માટેનું કારણ તેમણે આપેલો સમય છે. તેઓએ પોતાના જીવનકાળ દરમિયાન ૨.૫ લાખથી અધિક ઘરોમાં પધરામણી કરી છે. 7.5 લાખ થી અધિક પત્રો લખી લોકોની સમસ્યાઓનું સમાધાન આપ્યું છે. 40 લાખથી અધિક લોકોને વ્યક્તિગત મુલાકાતો આપીને પ્રત્યક્ષ સાંભળ્યા છે. અનેક લોકોના સુખ-દુઃખના પ્રસંગોએ તેમની સાથે ખભે ખભો મિલાવી સહભાગી બન્યા છે.

પોતાના સુખ, સુવિધા, સગવડ અને સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર લોકોના સુવિધા, સગવડ અને સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી છે. અન્યના પરિવારોને તૂટતાં બચાવવા માટે રાતોની રાત જાગીને પણ સમય, પ્રેમ અને હુંફ અર્પ્યા છે.

તો આવા મહપુરુષોના જીવન માંથી આપણે સમય અને પ્રેમની પરિભાષા જરૂર શીખીએ.

sanskar@sandesh.com

લોકો તો કહેવાના

૧૯૯૮માં ટાટા મોટર્સે પેસેન્જર કાર માર્કેટમાં પ્રવેશ કરવા માટે તેમની પ્રથમ કાર માર્કેટમાં વહેતી મૂકી- 'ઈન્ડિકા', પરંતુ આ સાહસને ભારે નિષ્ફળતા મળી. કંપનીને ભારે નુકસાન ભોગવવું પડ્યું, તેથી રતન ટાટા આ પ્રોજેક્ટને વેચવા માટે ડેટ્રોઈટ ફોર્ડ કંપનીમાં ગયા, પરંતુ ત્યાંના વ્યવસ્થાપકોએ તેઓની ઝાટકણી કાઢતા કહ્યું કે ટાટાએ પેસેન્જર કાર ઉત્પાદનના વ્યવસાયનું સ્વપ્ન ન જોવું જોઈએ, કારણ કે તેઓ તેને લાયક નથી. રતન ટાટા ડીલને અંતિમ સ્વરૂપ આપ્યા વિના રૂમમાંથી બહાર નીકળી ગયા. ડેટ્રોઈટના અધિકારીઓએ ટાટાને અયોગ્ય કહેલા, પરંતુ કાને પડેલા નકારાત્મક શબ્દોની લેશમાત્ર અસર ટાટાએ સ્વ પર ન થવા દીધી. મુંબઈ આવ્યા પછી, તેઓ પોતે પેસેન્જર વ્હિકલ વિભાગમાં સામેલ થયા અને સૌથી વધુ સ્વદેશી ભારતીય પેસેન્જર કાર બનાવવાનું નવું સાહસ આદર્યું. તેઓએ થોડાં વર્ષોમાં આખા ડિવિઝનને ઊંડી ખાઈમાંથી જાણે આસમાન પર મૂકી દીધું. અને હા તે 'અપમાનજનક' મિટિંગનાં નવ વર્ષ પછી જ્યારે ફોર્ડ વૈશ્વિક મંદીને કારણે નાદારીનો સામનો કરી રહી હતી ત્યારે ટાટાએ પરિસ્થિતિને ૧૮૦ ડિગ્રી ફેરવી દીધી. ફોર્ડની આઇકોનિક 'જગુઆર' અને 'લેન્ડ-રોવર' બ્રાન્ડ્સને $2.3 બિલિયનમાં કબજે કરી, ત્યારે ફોર્ડને 'ટાટા'ના સાહસનો ચમત્કાર જોવા મળ્યો. પણ જો રતન ટાટા નકારાત્મક શબ્દોને ધ્યાનમાં લઈ નાસીપાસ થઈ ગયા હોત તો આજે ટાટા કંપની ભારતની નામદાર બ્રાન્ડ કદાચ ન બની શકી હોત.

યાદ રાખો આપણી કિંમત આપણી આવડતો, પદ કે પ્રતિષ્ઠાથી નહીં, પરંતુ આપણા શુદ્ધ જીવન અને ચારિત્ર્યથી છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

દુનિયાને તો ટેવ છે આડુંઅવળું બોલવાની, પરંતુ દુનિયાના બોલને આધારે પોતાને તોલ કરી બેસીએ તો ક્યારેય સફળતા નહીં મળે. સચીનને પણ એવું કહેનારા મળ્યા હતા કે હજુ તો તું છોકરું છે, તારી ઊંચાઈ પણ ઓછી છે, તું ક્રિકેટમાં કંઈ વિશેષ નહીં ઊકાળે, પરંતુ સચીને આ શબ્દોને પોતાના માથા પર સવાર ન થવા દીધા. લોકોને ટેવ હોય છે પોતામાં રહેલી નકારાત્મક્તાને શબ્દો દ્વારા ઠાલવવાની, પરંતુ તેની સામે આપણે આપણી સમજણનું બખતર એવું તૈયાર રાખવું પડે કે આવી કોઈ નકારાત્મક વાતો આપણને નાસીપાસ ન કરી જાય.

એક વખત પ્રમુખસ્વામી મહારાજ પર કોઈકે તથ્ય વગરની વિચિત્ર ટિપ્પણીઓ કરી, પરંતુ આ જાણ્યા પછી પણ તેઓ તો સ્થિર અને નિશ્ચલ હતા, પોતાના કાર્યમાં તરત જ વ્યસ્ત થઈ ગયા. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે આવી પાયાવિહોણી ટિપ્પણીથી તમને ગુસ્સો ન આવ્યો? પ્રમુખસ્વામી મહારાજે ઉત્તર આપેલો કે - લોકોનો તો સ્વભાવ છે બોલવાનો. આપણે જોવાનું કે તેણે કહેલી વાત સાચી છે, જો સાચી હોય તો આપણે સુધારો કરવાનો ને ખોટી હોય તો સમજવાનું કે બોલનાર અજ્ઞાની છે. એમ સમજીને પ્રાર્થના કરવાની કે ભગવાન એને સદબુદ્ધિ આપે. બીજાના અજ્ઞાનને લીધે આપણે ઓછું દુઃખી થવાય? કેવી પ્રૌઢ સમજણ!

અત્યારે યુ-ટ્યૂબ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના જમાનામાં દરેકને ઈચ્છા થઈ જાય એવું છે કે આપણે પ્રસિદ્ધ થઈ જઈએ અને પ્રસિદ્ધિની લાલચમાં ચિત્ર-વિચિત્ર પોસ્ટ કે વીડિયો તૈયાર કરી તેઓ શૅર કરતા હોય છે. એવી અપેક્ષા સાથે કે લોકો લાઈક કરે અને સારી કોમેન્ટ કરે. પ્રથમ તો આ અપેક્ષા જ ખોટી છે, કારણ કે લોકોની લાઈક કે કોમેન્ટ્સથી આપણને કોઈ જ ફરક પડવાનો નથી. વળી, એમાં પણ પચાસ લાઈક અને પચાસ સારી કોમેન્ટ લોકોએ કરી હોય, પરંતુ એકાદ કોમેન્ટ પણ નકારાત્મક હોય તો તે માણસને ડિસ્ટર્બ કરી નાંખે છે અને જો આવું વારંવાર થાય તો લોકો માનસિક રોગી બની ગયા હોય એવા પણ દાખલા છે. માટે લોકોના બોલને આધારે આપણી કિંમત ક્યારેય ન આંકવી જોઈએ. યાદ રાખો કે આપણી કિંમત આપણી આવડતો, પદ કે પ્રતિષ્ઠાથી નહીં, પરંતુ આપણા શુદ્ધ જીવન અને ચારિત્ર્યથી છે. માટે ચારિત્ર્ય પર ધ્યાન કેન્દ્રિત કરી, નકારાત્મક લોકો પ્રત્યે એટલો જ અભિગમ રાખવો કે 'લોકો તો કહેવાના...'

sanskar@sandesh.com

એક વાત નક્કી રાખજો

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

કહેવાય છેને કે 'નિશાનચૂક માફ નહીં માફ નીચું નિશાન.' ટેકરા ચડવાના નિશાન રાખનાર એવરેસ્ટ ક્યારેય સર નહીં કરે. હોલિવૂડના પ્રખ્યાત એક્ટર બ્રુસલીએ સાધેલું નિશાન સૌ કોઈ જાણે છે. ૧૦૬૯માં જ્યારે તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રથમ પગ મૂક્યો ત્યારે પોતે પોતાને જ એક પત્ર લખેલો. તેણે લખેલું, 'હું બ્રુસલી, અમેરિકાનો સૌથી મોંઘો પૂર્વીય સુપરસ્ટાર બનીશ. બદલામાં બેનમૂન પરફોર્મન્સ આપીશ અને અભિનયકળામાં મારી બધી જ ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરીશ. ૧૯૭૦થી શરૂઆત કરી હું પ્રથમ દુનિયામાં કીર્તિ પ્રાપ્ત કરીશ અને ૧૦૮૦ સુધીમાં મારી પાસે એક કરોડ ડૉલરની સંપત્તિ હશે. મને ગમે તે રીતે હું મારું જીવન જીવીશ અને સાથે સાથે મારા અંતરમાં શાંતિ અને આનંદ હશે.' આ નિશાન સાથે બ્રુસલીએ મહેનત આરંભી હતી.



બ્રુસલીના આ લાઈફ ગોલ સ્ટટમેન્ટમાંથી ઘણું શીખવા મળે છે. પ્રથમ તો તેણે એક નિશાન નક્કી રાખ્યું એ બહુ મહત્ત્વપૂર્ણ વાત છે, કારણ કે એક વાત નક્કી રાખજો કે નક્કી કર્યા વગર તમે ક્યારેય સફળ નહીં થાવ એ નક્કી છે. બીજું એણે પોતાની જાતને પ્રોમિસ આપ્યું કે હું બેનમૂન પરફોર્મન્સ આપીશ અને મારી અભિનયકળાનો પૂર્ણ ઉપયોગ કરીશ. ઘણી વાર લોકો નક્કી તો કરી લે છે. ટાઈમટેબલ પણ બનાવી દે, પરંતુ તેને અનુસરે એ બીજા. ઊંચું લક્ષ્ય સાધ્યું હોય તો તેને અનુસાર સમર્પણ પણ જોઈએ. દુનિયામાં મફત કંઈ નથી મળતું. મહેનત તો કરવી જ પડે. શરીરને કષ્ટ તો આપવું જ પડે. 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય' એ સિદ્ધાંત બધાને લાગુ પડવાનો જ. માટે બ્રુસલીની જેમ તમારી પૂર્ણ શક્તિ લક્ષ્યને પ્રાપ્ત કરવા હોમી દેવી જોઈએ. એક વાર એક નવયુવાન એક મહાન સંત પાસે આશીર્વાદ લેવા ગયો. નવયુવાને કહ્યું કે 'સ્વામીજી, મને આશીર્વાદ આપો - મારે એવરેસ્ટ ચડવાની ઈચ્છા છે.' સંતે પૂછ્યું, 'તમે જ્યારે સવારે સ્નાન કરો છે, ત્યારે ગરમ પાણી વાપરો છે કે ઠંડું?' યુવક કહે 'ગરમ પાણી'. સંતે કહ્યું, 'તો ગિરનાર ચડી આવજો, એવરેસ્ટ માટે તો શરીરને કાતિલ ઠંડી સહન કરવા માટે બધી રીતે તૈયાર કરવું પડે.' લક્ષ્ય મુજબ મહેનત કરવાની તૈયારી દર્શાવે છે કે બ્રુસલી આવું લક્ષ્ય નક્કી કરવા માટેની યોગ્યતા ધરાવે છે.

ઘણી વાર વ્યક્તિ સમસ્ત દુનિયામાં પ્રભાવ પાથરે એવાં મહાન કાર્યો કરી બતાવે, પણ એના અંતરમાં ખાલીપો અને વેદના સિવાય કશું ન હોય

અને છેલ્લે એણે એવું લખ્યું છે કે મારા અંતરમાં શાંતિ અને આનંદ હશે. આ ખૂબ મહત્ત્વનું છે. ઘણી વાર વ્યક્તિ સમસ્ત દુનિયામાં પ્રભાવ પાથરે એવાં મહાન કાર્યો કરી બતાવે, પણ એના અંતરમાં ખાલીપો અને વેદના સિવાય કશું ન હોય. બાહ્ય સિદ્ધિઓ માણસને સુખ કે આનંદ પ્રદાન કરવા સક્ષમ નથી હોતી. એના માટે આંતરિક સમૃદ્ધિ કેળવવી ખૂબ મહત્ત્વપૂર્ણ છે. બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુ મહંત સ્વામી મહારાજને એક વખત પૂછવામાં આવ્યું કે, 'આટલા બધા કાર્યભાર વચ્ચે આપના મુખ પર ક્યારેય ચિંતા નથી જોઈ, એનું કારણ શું?' ત્યારે તેઓએ કહેલું કે, 'અમે બધું ભગવાન પર છોડી દઈએ છીએ. મહેનત પૂરેપૂરી કરવાની પણ ફળ આપનાર તો પરમાત્મા છે. અને તેઓ જે કરે છે તે સારું જ કરે છે. એટલે ક્યારેય ચિંતા થતી જ નથી.' આવી આધ્યાત્મિક શ્રદ્ધા કેળવવી એ પણ જીવનનું એક લક્ષ્ય હોવું જોઈએ, જેથી ગમે તેવી પરિસ્થિતિમાં પણ આપણે સ્થિર અને આનંદિત રહી શકીએ.

અને છેલ્લી વાત, બ્રુસલીએ લખેલું કે ૧૯૮૦ સુધીમાં મારી પાસે એક કરોડ ડૉલરની સંપત્તિ હશે, પરંતુ ૧૯૭૩માં તેનું મૃત્યુ થઈ ગયું. આ ઘટના પણ શીખવી જાય છે કે જીવનમાં ગમે ત્યારે ગમે તે થઈ શકે છે માટે કેવળ લૌકિક અને ભૌતિક લક્ષ્યોની પાછળ દોટ ન મૂકતાં, સાથે સાથે જીવન પછીના જીવનની પણ થોડી તૈયારી કરી લેવી જોઈએ, કારણ કે એક વાત નક્કી છે કે નક્કી કર્યા વગર કંઈ જ નથી થતું.

sanskar@sandesh.com

નીતિમય નેતૃત્વની કમાલ

રા મકૃષ્ણ પરમહંસ કહેતા, 'બધી સાધનાનું ફળ આપણું મન અને મુખ એક થવાં જોઈએ.' માનવનું મન અને મુખ એક થાય ત્યારે નીતિની શરૂઆત થાય છે. અર્થાત્, નીતિની વાત લખનારા મહાપુરુષો તે મુજબનું જીવન પણ જીવતા હોય છે.

અત્રે ઋષિ ચાણક્ય (કૌટિલ્ય)ના જીવનનો પ્રસંગ યાદ આવે છે. તેઓ રાજ્યના મંત્રી હતા. છતાં તેઓ એક નાની ઘાસની ઓરડીમાં રહેતા. ઘરમાં બે દીવા રાખતા. રાજ્યનું કામ પૂરું થાય ત્યારે તેઓ એક દીવો બંધ કરતા અને બીજો પ્રગટાવી પૂજા વગેરે કાર્ય કરતા. એમને આવું કરતા જોઈ કોઈકે તેમને પૂછ્યું કે, 'તમે આમ કેમ કરો છો? એક જ દીવો વાપરોને.' ચાણક્યજી કહે: 'પૂજા મારા વ્યક્તિગત લાભ માટે છે. તે માટે મારે રાજ્યનો દીવો ન વપરાય.' કેટલી ઊંચી નીતિ! કેવી પ્રામાણિકતા. આ ભારતવર્ષની સંસ્કૃતિ છે. 'અધર્મ કે અનીતિથી કરેલી કમાણી ક્યારેય સુખ ન જ આપે' - એ સિદ્ધાંત ભારતીય લોકોના લોહીનો લય બની ગયેલો.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ડોકિયું કરતાં આવી પવિત્ર ભાવનાનાં દર્શન થાય. ૧૯૭૭માં સ્વામીજી લેસ્ટર પધાર્યા હતા. બાળકોને સ્વામીશ્રીની પ્રાતઃપૂજા માટે તાજાં પુષ્પો લાવવાની સેવા સોંપાયેલી. તેઓ અંગ્રેજ મકાનમાલિકોને પૂછીને તેમના ઘરના બગીચામાંથી પુષ્પો લેતા, પરંતુ ઘણી વાર ઘરમાલિકને સાંજે જણાવી દઈશું તે વિચાર સાથે કહ્યા કરતા 1-2 ફૂલ વધારે તોડતા. આ વાત સ્વામીજીએ જાણી. તેથી તેઓએ ચાલુ પૂજામાં બાળકોને બોલાવી શિક્ષાપત્રીનો એક શ્લોક બતાવતા કહ્યું: જો મહારાજે લખ્યું છે કે, ધણીને પૂછ્યા વગર એક પુષ્પ પણ ન તોડાય. એક પુષ્પ પણ લઈએ તો તે ચોરી કહેવાય.' મારી પૂજામાં પુષ્પ નહીં હોય તો ચાલશે, પણ આપણે આવાં પુષ્પો જોઈતાં નથી. સત્સંગીથી ચોરી થાય જ નહીં! બાળકો તો પરવાનગી લઈને પુષ્પો લાવતાં હતાં, પણ તેઓ બેને બદલે ત્રણ તોડી લેતાં. આમ કરવું તે પણ સ્વામીશ્રીને મન તો ચોરી જ હતી. ભલેને તેઓ સાંજે માલિકને જણાવી દેતા કેમ ન હોય. આવી નીતિની ખટક સ્વામીજીને હતી. તેઓ જાણેઅજાણે પણ નીતિ નેવે મૂકતા નહીં.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ધરમપુરમાં નાની વહિયાળ ગામમાં આદિવાસી હરિભક્ત રસિકભાઈ લલ્લુભાઈ મોહિળા રહે છે. તેઓ એક મંડપવાળાની કંપની ફ્રેમ ડેકોરેટર્સમાં ૧૮ વર્ષથી મજૂરીકામ કરે છે. એક વાર વાપીમાં માનવકલ્યાણ વિસ્તારમાં લગ્ન બાદ મંડપ છોડતાં રાત્રે બાર વાગ્યે મંડપના એક ખૂણામાંથી તેમને એક મોટી થેલી મળી. તેને ખોલીને જોયું તો અંદર બે નાની કોથળીઓ જોવા મળી. તેમાં એકમાં સોનાના દાગીના ને બીજીમાં રોકડા રૂપિયા હતા. બીજા કોઈનું મન ન લલચાય તેથી તેમણે એ થેલી સુરક્ષિત જગ્યાએ મૂકી દીધી. બીજા દિવસે સવારે ૧૧ વાગ્યે જેમના ઘરનું લગ્ન હતું તે ભાઈ દોડતાં દોડતાં ત્યાં આવ્યા. તેઓ ખૂબ ચિંતાતુર જણાતા હતા. તેઓ ત્યાં થેલી શોધવા આવ્યા હતા. અહીં તેમને રસિકભાઈ મળ્યા. તેઓએ થેલીની વિગત પૂછી તો પેલા ભાઈ કહે, 'થેલીમાં 1,60,000 રોકડા છે ને 20,000ની સાડી તથા લાખ રૂપિયા ઉપરનું સોનું છે.' રસિકભાઈને ખાતરી થઈ કે પેલી થેલી આ ભાઈની જ છે. તેઓએ થેલી લાવી એમને આપી. પેલા ભાઈએ થેલી ખોલી માલમત્તા તપાસી. બધું જ સલામત જોઈ તે ભાઈ રાજી થયા ને આશ્ચર્ય સાથે પૂછ્યું, 'આમાંથી તમે કંઈ રાખ્યું કેમ નહીં?' ત્યારે રસિકભાઈ કહે, 'મારા ઘરે અત્યારે ૧૦૦ રૂપિયા પડ્યા છે તેનાથી હું સુખી છું. પારકા પૈસાથી મને સુખ નહીં થાય. પ્રમુખસ્વામી મહારાજના સત્સંગથી સુખી છું.'

પ્રમુખસ્વામી મહારાજના નીતિમય નેતૃત્વનો આ કમાલ હતો. આપણે પણ પારિવારિક કે સામાજિક કાર્યોમાં ભિન્ન ભિન્ન રીતે નેતૃત્વ કરવાનો અવસર ઉપલબ્ધ થતો હોય છે, પરંતુ આવા સમયે યાદ રાખવું કે નીતિમય નેતૃત્વ જ સુખ આપે છે, અનીતિ ભરેલું આચરણ દુઃખના દરિયામાં ધકેલીને જ વિરમશે.



ચાણક્યજી કહે: 'પૂજા મારા વ્યક્તિગત લાભ માટે છે. તે માટે મારે રાજ્યનો દીવો ન વપરાય.' કેટલી ઊંચી નીતિ! કેવી પ્રામાણિકતા

sanskar@sandesh.com